
# Veer Narmad South Gujarat University, Surat

Re-accredited by NAAC with 'B++' grade

सत्यम् ज्ञानम् अनन्तम्


# ઈ–દક્ષિણાયન

## Dakshinayan e-Newsletter

For Private Circulation Only


Vol. 14, Issue. 253, October 2023


**પ્રિય વાચક મિત્રો,**

રાષ્ટ્ર શિલ્પી સરદાર પટેલની એક વિરલ અને વિરાટ વ્યક્તિત્વને સાજે તેવી એકતાનગરની માં નર્મદાની પાવન ગોદમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ દ્વારા સમાજ અને સંસ્કૃતિ, ઈતિહાસ અને આસ્થાનું પુનઃનિર્માણ થયું છે. ઓક્ટોબરમાં તેમની સ્મૃતિમાં એકતા દિવસ ઉજવાય છે. તે સાચા અર્થમાં યુવાનોને પ્રેરણા અને માર્ગદર્શન આપનાર છે. થોડી વાત તેમના જીવન વિષે જેમાંથી વિદ્યાર્થીમાં તેમનો આદર્શ સ્થાપાય તે માટે.

અડગ અને દૃઢ શક્તિ દ્વારા ઉત્તમ નિર્ણય શક્તિ અને મજબૂત મનોબળ ધરાવતા એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર પટેલ મતભેદોને વેગળા રાખીને સમાનતાની ભાવના પૂરી પાડે છે. આજે જ્યારે દેશમાં સદભાવ અને સમરસતા માટેનું વાતાવરણ બની રહ્યું છે તેમાં આપણા દીર્ઘ દૃષ્ટા સરદાર પટેલના જીવન આદર્શનું સાકાર સ્વરૂપ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

સરદાર પટેલને તેમના સાહસિક કાર્યો અને દ્રઢ ઈરાદાઓને કારણે લોહપૂરુષ તથા સરદારના ઉપનામથી ઓળખવામાં આવે છે. સરદાર પટેલ માત્ર સ્વતંત્ર ભારતના પ્રથમ ગૃહમંત્રી અને ઉપપ્રધાનમંત્રી તરીકે જ નહિ, પરંતુ તેમણે આઝાદી પહેલા દેશમાં ચાલી રહેલા અનેક સત્યાગ્રહનું સફળ નેતૃત્વ કર્યું હતું. સરદાર પટેલે સામ, દામ અને દંડથી રજવાડા એકઠા કરવાનું કામ કર્યું હતું. તેથી જ ૫૬૨ રજવાડાઓનું ભારત દેશમાં વિલીનીકરણ કરી નવીન અને અખંડ ભારતના નિર્માતા તરીકે આજે સમગ્ર દેશ તેમને નમન કરે છે. સરદાર પટેલની મુખ્ય લાક્ષણિકતા એ હતી કે, તેઓ આંખોથી સામેવાળી વ્યક્તિનુ મૂલ્યાંકન કરતા હતા, તેઓના વ્યક્તિત્વનું જમા પાસું એ હતું કે તેમને શબ્દોની જરૂર નહોતી પડતી. સરદાર પટેલના જીવન કહી તો કે સરદાર પટેલ બીજાની વાત સાંભળ્યા પછી જ પોતાની વાત રજુ કરતા હતા. તેઓ સ્વયં શિસ્તનું પાલન કરતા પછી જ અન્યને નિયમ પાળવાનું કહેતા હતા. તેઓએ કયારેય સત્તાની લાલચ રાખી નહોતી. નાના–નાના રજવાડાઓને એકીકૃત કરી અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું.

યુવાનોને એક મહત્વપૂર્ણ શીખ તેમના જીવનમાંથી મળે છે. તન, મન અને ધનની પારદર્શકતાનું ઉત્તમ ઉદાહરણ એટલે સરદાર વલ્લભભાઈ પટેલ. ભારત અખડ તો છે જ પરંતુ ભારતની અખંડતા મજબૂત બને અને દેશ શ્રેષ્ઠ બને તે માટે આજના યુવાનોના સહકારની અને સકારાત્મક દૃષ્ટિથી કાર્ય કરવાની ખૂબ જ આવશ્યકતા છે. અખંડ ભારતના તેમના વિચારો અને તેના માટે બલિદાન આપવાનો ગુણ અદ્દભૂત હતો. સાદુ જીવન, અનેક વખત જેલવાસ તેમજ ગાંધીજીના અનુયાયી તરીકે તેમણે તેમનું જીવન વ્યતીત કર્યું હતું. તેમણે અખંડ ભારત મજબૂત કેવી રીતે બની રહે અને એક ભારત શ્રેષ્ઠ ભારત માટે યુવા પેઢીની શું ભૂમિકા હોય શકે બાબત સરદાર પટેલના જીવનમાંથી પ્રેરણા મળે છે. એકતાના શિલ્પી સરદાર પટેલના કુશાગ્ર અને કુનેહથી આજે સ્વતંત્રતા પછી એમના સ્વપ્નને સાકાર સ્વરૂપમાં આપણે જોઈ શકીએ છીએ.

સરદાર પટેલ સેવકની જેમ કામ કરતા અને સત્યાગ્રહી, સિપાહી, સેનાપતિ તરીકેની તેમની ભૂમિકા અદ્દભૂત હતી. ખેડૂતોના હિત માટે તેઓ સતત કાર્યરત રહેતા હતા. દેશના બંધારણના ઘડતરમાં તેમનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. અનેક આંદોલનોમાં તેમની આગેવાની અસરકારક રહી છે. સરદાર પટેલની નિર્ણય શક્તિ અને સમજણ શક્તિ એક સત્યાગ્રહી, સેવક અને મુત્સદી રાજનીતિજ્ઞ તરીકે અદ્દભૂત હતી. વિશ્વ સમક્ષ મહાન વ્યક્તિત્વ ધરાવતા એક ઉત્તમ યુગ પુરુષ તરીકે તેમની છબી આપણી સમક્ષ ઊભરી આવે છે. જીવનમાં કરેલા કાર્યો, ત્યાગ અને રાષ્ટ્ર ભાવના સરદાર પટેલના વ્યક્તિત્વ અને તેમના કાર્યોમાં હતી તે આજે આઝાદીના પંચોત્તેર વર્ષ પછી પણ આપણને આકર્ષક લાગે છે. દરેક યુવાન સરદાર પટેલના ગુણો પોતાના જીવનમાં ઉતારે અને રાષ્ટ્ર ભાવના, એકતા અને અખંડિત, એક ભારત, શ્રેષ્ઠ ભારત બનાવવા ત્યાગની ભાવના પ્રગટાવે. રાષ્ટ્રનુ નિર્માણ તો જ ઉત્તમ રીતે થઇ શકે છે. પરંતુ શ્રેષ્ઠ કરવા માટે આજના યુવાનો સરદાર પટેલના કાર્યો, આદર્શો અને ગુણોને જીવનમાં ચરિતાર્થ કરે તો જ સાચા અર્થમાં તેમનું સ્વપ્ન સાકાર થશે.

ક્ષમાદાન ને સત્ત્વશીલ તું જ્ઞાનયોગ સ્થિર બુદ્ધઃ
ધૈર્યશીલ તું સ્વાર્થવિહોણો, દીર્ઘદષ્ટિ મતિ શુદ્ધ.
મૌનમૂર્તિ તું સહનશકિતની કૈંક પ્રેરણા દીધી;
વિચ્છિન્ન વિવિધ પ્રજાભોમ પલકારે એક કીધી.

બત્રીશ–લક્ષણ થકી અદકેરો, મહામાનવ તું વીરલો;
હૈયું કોમલ કુસુમ સરિખડું ભાવભર્યો દેશ હીરલો.
તું તપસ્વી, વચનબદ્ધ તું, કૈંક શત્રુ પડકાર્યા;
એક અનોખો જગત્‌તાત તું, ખેડૂત કૈંક ઉદ્ધાર્યા.

અભય ગુણ છવ્વીશમાં અગ્રે અમર નામના તારી,
વીર વલ્લભ તું સ્વાર્થ ઉલેચી ભલો રહ્યો અલગારી.

– ચન્દ્રવદન મહેતા

**તા. ૧ નવેમ્બર, ૨૦૨૩**

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### સન્માન સમારોહ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વહીવટી ભવનના અનુસ્નાતક વિભાગ (પી.જી.સેકશન) તથા પરીક્ષા વિભાગના પદવીદાન વિભાગ (કોન્વોકેશન બ્રાંચ)ના કર્મચારીઓનું તા. ૦૪/૧૦/૨૦૨૩ના રોજ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા અન્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં પુસ્તક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. કારણ કે આ બન્ને વિભાગના અધિકારીશ્રીઓ/કર્મચારીઓ દ્વારા વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાનમાં રાખીને તા. ૧ ઓકટોબર (રવિવાર) અને ૨ ઓકટોબર (ગાંધી જયંતી)એ પણ કાર્યાલય કામકાજ ચાલું રાખીને વિદ્યાર્થીઓના વિશાળ હિતને મહત્વ આપ્યું છે. અનુસ્નાતક વિભાગ દ્વારા તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૨૩થી ૨ ઓકટોબર, ૨૦૨૩ સુધીમાં ૩૧ પીએચ.ડી.ના વિદ્યાર્થીઓના જાહેરનામા (નોટીફીકેશન) બહાર પાડવામાં આવ્યા છે. જે યુનિવર્સિટી માટે ખૂબ જ ગૌરવવંતી બાબત છે. પરીક્ષા વિભાગ દ્વારા વિદ્યાર્થીઓની કામચલાઉ પદવી પ્રમાણપત્રો (પ્રોવિઝનલ ડીગ્રી) માટે આ બન્ને દિવસોએ પણ કાર્યાલય કામકાજ ચાલું રાખીને વિદ્યાર્થીઓને કામચલાઉ પદવી પ્રમાણપત્રો આપવાની કામગીરી ત્વરિત ધોરણે કરી હતી.











### પદ્મભૂષણ આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ મહારાજનું પ્રવચન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સેન્ટર ફોર હિંદુ સ્ટડીઝ દ્વારા તા. ૬/૯/૨૦૨૩ના રોજ યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે પદ્મભુષણ આચાર્ય વિજય રત્નસુંદરસુરિ મહારાજના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાન બે સત્રમાં સવારે ૧૦:૦૦ થી બપોરે ૧:૦૦ કલાક દરમ્યાન યોજાયો હતો. કાર્યક્રમની શુભ શરૂઆત મંચ પર બિરાજમાન મહેમાનો દ્વારા દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. કાર્યક્રમનાં મુખ્ય વકતાશ્રી પદ્મભૂષણ આચાર્યશ્રી વિજય રત્નસુંદરસૂરિ મહારાજનું વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા સ્મૃતિભેટ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. કુલપતિશ્રી ડૉ.કે.એન.ચાવડાએ મુખ્ય વકતા, ઉપસ્થિત મહેમાનો તથા તમામ શ્રોતાગણોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં ઈ.ચા.કુલસચિવશ્રી એ.વી.ધડૂક, સિન્ડિકેટ સભ્યશ્રી સંજય લાપસીવાલા, સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝના કો–ઑર્ડિનેટર શ્રી બાલાજી રાજે, અધ્યાપકશ્રીઓ, વિવિધ કૉલેજોના આચાર્યશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, યુનિવર્સિના તથા કૉલેજના વિદ્યાર્થીઓની વિશાળ જનમેદની ઉપસ્થિત રહી હતી. સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝના કો–ઑર્ડિનેટરશ્રીએ તેમના વિભાગ વિશેની માહિતી આપી હતી. ત્યારબાદ મુખ્ય વકતાશ્રી દ્વારા પ્રથમ સત્રમાં રીચનેસ, સકસેસ અને હેપીનેસ પર તેમણે પોતાનું વકતવ્ય કર્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસકાળ દરમ્યાન ઓછા ટકા આવતાં નિરાશ થઈ, યુવાનો આજે આત્મહત્યા તરફ વળી રહ્યા છે. તો તેવાં સંજોગોમાં જીવનમાં દરેક તબક્કે સફળતા અને પૈસા કરતા ખુશીનું મૂલ્ય સમજાવી તેઓએ વિદ્યાર્થીઓને પોતાના વકતવ્યથી મંત્રમુગ્ધ કર્યા હતા. તેમજ વિવિધ દષ્ટાંતો દ્વારા માનવીએ કેવું જીવન જીવવું જોઈએ? અને એક દષ્ટાંત

આપતા તેઓએ જણાવ્યું હતું કે, જ્યારે પોતાના એક વકતવ્યમાં ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને પૂછ્યું ત્યારે તેમાંથી ૭૦૦ વિદ્યાર્થી માં–બાપનો તિરસ્કાર કરવાનું કહે છે, તેવું દિલ્હીના સેમિનારનું દૃષ્ટાંત આપ્યું હતું. અને જેના કારણે આજના માં–બાપ પોતાના બાળકોને ઊંચા અવાજે બોલી પણ નથી શકતા, તે આજના સમયની વિડંબણા છે.

ઉપરાંત બીજા સત્રમાં તેઓએ પાંચ પ્રકારના જીવનના મૂલ્યો વિશે જણાવ્યું હતું. જેમાં એક નંબર પર મની ઈઝ પાવર, બીજા નંબર પર નોલેજ ઈઝ પાવર, ત્રીજા નંબર પર સ્પીડ ઈઝ પાવર, ચાર નંબર પર રોંગ પાવર, પાંચ નંબર પર રોંગ પરમીશન. આમ, પાંચ મુદ્દાઓ પર વિસ્તૃત માહિતી પ્રદાન કરી હતી. તેઓએ પોતાના વકતવ્યમાં દૃષ્ટાંત આપતા જણાવ્યું કે, વિજ્ઞાન આપીને અટકી જાય છે. જ્યારે ધર્મ એને જ આપવાની વાત કરે છે જેને મળે તેનો સારો ઉપયોગ કરી શકે. તેમણે કહ્યું કે 'વાળ વધારી દેવાનંદ થવું, એના કરતા વિવેકાનંદ બનવું સારું' જેવા વિધાનો દ્વારા વિદ્યાર્થીઓને બોધપાઠ આપ્યો હતો. કાર્યક્રમનાં અંતમાં સેન્ટર ફોર હિન્દુ સ્ટડીઝના કો–ઓર્ડિનેટરશ્રી બાલાજી રાજે દ્વારા આભારવિધિ કરવામાં આવી તથા રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.



















## વર્લ્ડ સ્પેસ વીક અન્વયે અવકાશ અને અવકાશ વાર્તાલાપમાં પ્રો. પોરિયાએ ભાગીદારી નોંધાવી

ભારતનાં બેંગ્લોર ખાતે અવકાશ અને અવકાશ સંશોધન ક્ષેત્રે રહેલી ઉજ્જવલ તકો અંગેનું વિદ્યાર્થી કક્ષાનાં શિક્ષણ માટે કાર્યરત 'જેનેક્ષ સ્પેસ' દ્વારા વર્લ્ડ સ્પેસ વીક અન્વયે જુદા જુદા વ્યાખ્યાનો, સેમિનાર અને વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી રહી છે. આ વર્લ્ડ સ્પેસ વીક અન્વયે અવકાશ અને અવકાશ વાર્તાલાપમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના વડાશ્રી તથા સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. કે.સી.પોરિયાએ ભાગીદારી નોંધાવી હાતી. આ શ્રૃંખલામાં તા. ૮/૧૦/૨૦૨૩નાં રોજ સ્પેસ પોર્ટ સારાભાઈનાં ડાયરેકટર જનરલ – જે ભારતનાં અવકાશ પ્રવૃત્તિ માટેનાં ટેન્ક ગણાય છે. તેવા સુશ્રી સુસ્મીતા મોંહતીએ 'બોર્ન ટુ એસકપ્લોર' વિષય પર રોચક, માહિતીપૂર્ણ અને સ્મરણીય વ્યાખ્યાન આપ્યું હતું. તેઓશ્રીએ સ્પેસ એકલ્પોરેશન અને તેનુ મહત્વ વિષે પ્રેરક ઉદબોધન કર્યું હતું. તેઓશ્રીએ ફીઝીકસ રીસર્ચ લેબોરેટરી અને સ્પેસ એપ્લિકેશન સેન્ટર અમદાવાદનાં સાથેના સંબંધો અને સારાભાઈને કામ કરતાં જોવા મળ્યાનાં આહલાદ અનુભવો વર્ણવ્યા હતાં. સાયકલ પર રોકેટને લઈ જવાથી શરૂ થયેલ અવકાશયાત્રાથી મંગળ પરની ચઢાઈ અને ચંદ્ર પર ભારતે કરેલી શાનદાર શરૂઆતની વાતોને દોહરાવી હતી. અવકાશ ક્ષેત્રે ભારતે પોતાની એક નવી ઓળખ ઊભી કરી અને ચાંદ પરની સફળતાએ આપણી પ્રતિષ્ઠામાં ચાર ચાંદ લગાવવાનું શ્રેય ભારતીય વિજ્ઞાનીઓ ઉપરાંત ભારતીય મહિલા વૈજ્ઞાનીકોનાં ખંત અને મહેનતને તથા ઈસરોને બિરદાવ્યા હતાં. આ નવા ઊભરતા વિજ્ઞાનમાં બાળપણથી રૂચિ પેદા થાય તો ભારત વિશ્વમાં અજોડ અને અજેય થઈ શકે. તેઓએ ભારતનાં આગામી અવકાશ કાર્યક્રમોમાં ભારતીય મહિલાઓ અગ્રેસર હશે, તેમ જણાવ્યું હતું. આ વ્યાખ્યાન બહું જ માહિતપ્રદ અને રોચક હતું. ૧૯૭૨માં જન્મેલા સુસ્મીતા મોંહતી એ ભારતીય સ્પેસશીપનાં ડીઝાઇનર, સીરીયલ અને સ્પેસ એન્ટરપેનીયોર અને કલાઈમેન્ટ એકશનનાં વકીલ છે. તેઓ અવકાશને લગતાં સંશોધન માટે ખ્યાતનામ છે. અને ભારતનાં ૨૦૦૯માં સ્થપાયેલા પ્રથમ ખાનગી અવકાશ સ્ટાર્ટ અપ 'અર્થ ટુ ઓરબીટ'નાં કો–ફાઉન્ડર છે.













## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની SHODH યોજનામાં ગુજરાત રાજ્યમાં સૌથી વધુ પસંદગી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં સંશોધન કરતા વિદ્યાર્થીઓની SHODH યોજનામાં ગુજરાત રાજ્યમાં સૌથી વધું ૯૩ વિદ્યાર્થીઓની પસંદગી થઈ છે. ગુજરાત રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત સંશોધન માટે પ્રોત્સાહન પૂરુ પાડવા માટે ગુજરાત સરકાર હંમેશા પ્રયત્નશીલ છે. ગુજરાતના વિદ્યાર્થીમાં રહેલી સંશોધનની ક્ષમતાને વિકસાવવા, પ્રોત્સાહિત કરવા માટે ગુજરાત સરકારનો વધું એક ઉમદા અને ઐતિહાસિક પ્રકલ્પ : SHODH-ScHeme of Developing High Quality Research. આ યોજના અંતર્ગત રાજ્યની માન્ય યુનિવર્સિટીમાં ગુણવત્તાયુકત સંશોધન કરતા વિદ્યાર્થીને બે વર્ષ સુધી દરમહિને ૧૫૦૦૦/– રૂપિયાનું સ્ટાઈપેન્ડ સંશોધકને બે વર્ષ સુધી આપવામાં આવશે. આ ઉપરાંત પીએસ.ડી.ના વિદ્યાર્થીને અનુષાંગિક ખર્ચ માટે વાર્ષિક ૨૦,૦૦૦/– રૂપિયા આપવામાં આવશે. આમ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં ૯૩ વિદ્યાર્થીઓને ૨ વર્ષમાં કુલ રૂપિયા ૩,૭૨,૦૦,૦૦૦/– સહાય આપવામાં આવશે. ખૂબ જ લાભદાયી અને મહત્વકાંક્ષી આ યોજનાથી વિદ્યાર્થીમાં સંશોધનની સજ્જતા વધશે. ગુજરાતની જ્ઞાનસંપદામાં બહુલક્ષી વૃદ્ધિ થશે. આ યોજના અંતર્ગત સમગ્ર ગુજરાત રાજ્યની માન્ય યુનિવર્સિટીઓમાંથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સૌથી વધું વિદ્યાર્થીઓની પસંદગી થયેલ છે, જેમાં ૨૩ વિદ્યાર્થીઓ અને ૭૦ વિદ્યાર્થીનીઓ કુલ ૯૩ વિદ્યાર્થીઓ છે. ઉપરાંત ગત વર્ષે પણ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની સંખ્યા સમગ્ર ગુજરાત રાજ્યમાં સૌથી વધું ૧૦૪ હતી. અલગ અલગ ૧૬ વિષયોના વિદ્યાર્થીઓને સહાય મળનાર છે. જેમાં સૌથી વધુ બાયોસાયન્સ (બોટની, ઝોઓલોજી, માઈક્રોબાયોલોજી)ના ૨૨ વિદ્યાર્થીઓ છે. પસંદગી પામેલ વિદ્યાર્થીઓને કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ અઢળક શુભેચ્છાઓ પાઠવી હતી.

| Sr. No. | Subject | No. of Students |
|---|---|---|
| 1 | Commerce | 16 |
| 2 | Education | 4 |
| 3 | Management | 1 |
| 4 | Bioscience (Botany / Zoology / Microbiology ) | 22 |
| 5 | Biotchnology | 2 |
| 6 | Chemistry | 19 |
| 7 | Mathematics | 2 |
| 8 | Physics | 9 |
| 9 | English | 3 |
| 10 | Gujarati | 3 |
| 11 | Hindi | 2 |
| 12 | History | 4 |
| 13 | Psychology | 2 |
| 14 | Public Administration | 1 |
| 15 | Sanskrit | 2 |
| 16 | Sociology | 1 |
| **Total** | | **93** |

| Sr. No. | University Name | No. of Students |
|---|---|---|
| 1 | Ahmedabad University | 1 |
| 2 | Anand Agricultural University | 25 |
| 3 | Atmiya University | 11 |
| 4 | Auro University | 1 |
| 5 | Bhagwan Mahavir University | 4 |
| 6 | Bhakta Kavi Narsinh Mehta University | 28 |
| 7 | Charotar University of Science & Technology | 14 |
| 8 | Charutar Vidya Mandal | 21 |
| 9 | Dr. Babasaheb Ambedkar Open University | 2 |
| 10 | Drs Kiran & Pellevi Patel Global University, Vadodara | 1 |
| 11 | Ganpat University | 3 |
| 12 | GLS University | 1 |
| 13 | Gokul Global University | 5 |
| 14 | Gujarat National Law University | 4 |
| 15 | Gujarat Technological University | 26 |
| 16 | Gujarat University | 82 |
| 17 | Hemchandracharya North Gujarat University | 54 |
| 18 | Indrashil University | 6 |
| 19 | Institute of Advanced Research | 6 |
| 20 | Institute of Infrastructure Technology Research And Management ( ITRAM ) | 1 |
| 21 | Junagadh Agricultural University | 30 |
| 22 | Kamdhenu University | 7 |
| 23 | Lakulish Yoga University | 7 |
| 24 | Maharaja Krishnakumarsinhji Bhavnagar University | 15 |
| 25 | Marwadi University | 14 |
| 26 | Monark University | 18 |
| 27 | Navrachana University | 5 |
| 28 | Navsari Agricultural University | 44 |
| 29 | Nirma University | 4 |
| 30 | P. P. Savani University | 2 |
| 31 | Pandit Dindayal Energy University | 21 |
| 32 | Parul University | 16 |
| 33 | R. K. University | 5 |
| 34 | Sankal Chand Patel University | 2 |
| 35 | Sardar Patel University | 46 |
| 36 | Sardar Krushinagar Dantiwada Agricultural University | 24 |
| 37 | Sarvajanik University | 10 |
| 38 | Saurashtra University | 72 |
| 39 | Shri Govind Guru University | 81 |
| 40 | Silver Oak University | 9 |
| 41 | Swarnim Gujarat Sports University | 1 |
| 42 | The Maharaja Sayajirao University | 36 |
| 43 | Uka Tarsadia University | 9 |
| 44 | Veer Narmad South Gujarat University | 93 |
| 45 | Vidhyadeep University | 3 |
| **Total** | | **870** |

| Details | No. of Students |
|---|---|
| Total Male Student | 23 |
| Total Female Student | 70 |
| **Total** | **93** |

## ૭૫ યુવા પર્યટન કલબ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયે ખૂબ ટૂંકા સમયગાળામાં ૭૫ યુવા પર્યટન કલબ બનાવેલ છે. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શનમાં ચાલી રહેલ યુવા પર્યટન કલબ કે જેની સંપૂર્ણ જવાબદારી નોડલ અધિકારીશ્રી ડૉ. પ્રકાશચંદ્ર પટેલને સોંપવામાં આવેલ છે. પર્યટન વિભાગ દ્વારા તા. ૦૯/૧૦/૨૦૨૩ના રોજ ગાંધીનગર ખાતે મળેલ ગુજરાતની સમગ્ર વિશ્વવિદ્યાલયના કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના યુવા પર્યટન કલબના નોડલ અધિકારીશ્રી ડૉ. પ્રકાશચંદ્ર પટેલને પુરસ્કાર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. જે વિશ્વવિદ્યાલય માટે ખૂબ ગર્વની વાત છે. વિશ્વવિદ્યાલય દ્વારા આગામી દિવસોમાં યુવા પર્યટન કલબ અંતર્ગત ઘણા કાર્યક્રમો હાથ ધરવામાં આવનાર છે. જે પર્યટન વિભાગમાં કારકિર્દી બનાવવા માટે વિદ્યાર્થીઓને ખૂબ ઉપયોગી થનાર છે. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ દ્વારા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીને આ પુરસ્કાર સોંપવામાં આવેલ છે, જે વિશ્વવિદ્યાલય માટે ખૂબ હર્ષની લાગણી છે.









## Start-up Story of 'ZERO COW FACTORY' By Parini Kapadia







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કાર્યરત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી, ઈન્સ્ટિટ્યુશન ઈનોવેશન કાઉન્સિલ, આઈડિયા એન્ડ ઈનોવેશન સેલ અને બાયોટેકનોલોજી વિભાગનાં સંયુક્ત ઉપક્રમે તા. ૧૨–૧૦–૨૦૨૩ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે બાયોટેકનોલોજી વિભાગનાં ઓડિટોરિયમ ખાતે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીની અધ્યક્ષતામાં Start-Up Story Of 'Zero Cow Factory' By Parini Kapadia વિષય પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૫૨ વિદ્યાર્થીઓ અને ૪ ફેકલ્ટીઓએ ભાગ લીધો હતો. સેમિનારની શરૂઆતમાં કાર્યક્રમના મુખ્ય વકતા શ્રીમતી પરિની કાપડિયા (ઝીરો કાઉ ફેકટરીના સ્થાપક અને મુખ્ય વૈજ્ઞાનિક અધિકારી)નો પરિચય બાયોટેકનોલોજી વિભાગના વડાશ્રી ડૉ. ગૌરાંગ શાહે કરાવ્યો હતો. શ્રીમતી પરિની કાપડિયા એક ઉદ્યોગસાહસિક છે અને હાલમાં ભારતની પ્રથમ પ્રાણી–મુકત પ્રોટીન અને ડેરી ઉત્પાદનોનું ઉત્પાદન કરવા માટે અદ્યતન બાયો–ટેકનોલોજી અને જીવન વિજ્ઞાન આધારિત ઉભરતી તકનીકો સાથે ખાદ્ય ઉત્પાદનના ભાવિને બદલવા માટે એક અનન્ય વિચાર તરફ

કામ કરી રહી છે. શ્રીમતી પરિની કાપડિયા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયો–ટેકનોલોજી વિભાગની ભૂતપૂર્વ વિદ્યાર્થીની છે.

શ્રીમતી પરિની કાપડિયાએ તેમના સ્ટાર્ટ–અપ વિશે વાત કરી, કારણકે તેઓ વાસ્તવિક ડેરી ઉત્પાદનો બનાવવા માટે દૂધ પ્રોટીનનું પુનઃ ઉત્પાદન કરવા માટે ટેકનોલોજી વિકસાવી રહ્યા છે, જે નૈતિક, સલામત, સ્વાદિષ્ટ અને ગાયના દૂધ જેવી જ છે પરંતુ તેમાં કોઈ પ્રાણી સામેલ નથી. ઝીરો કાઉ ફેક્ટરી બાયો–ટેકનોલોજી દ્વારા દૂધનું ઉત્પાદન કરે છે. આ સ્ટાર્ટ–અપ ઇન–હાઉસ વિકસિત પેટન્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ગાયના દૂધની રચના, પોષક રૂપરેખા, સ્વાદ અને દેખાવની નકલ કરે છે.

'ઝીરો કાઉ ફેક્ટરી' તેનું પ્રથમ ઉત્પાદન, કે જેમાં A2 બીટા–કેસીન છે, તે સ્વાસ્થ્યપ્રદ છે. તે A1 દૂધ પ્રોટીનથી મુક્ત છે. શ્રીમતી પરિની કાપડિયાએ સમજાવ્યું કે, તેઓ કેવી રીતે દૂધ પ્રોટીન ઉત્પન્ન કરે છે. જેમાં 0% લેક્ટોઝ, કોલેસ્ટ્રોલ, સંતૃપ્ત ચરબી, એન્ટિબાયોટિક્સ, ગ્રોથ હોર્મોન્સ, પેથોજેન હોય છે. તેણીએ કહ્યું કે, આ વસ્તુ નહી ચાલે. પણ તેણીએ હાર ન માની. તેણીએ આ સ્ટાર્ટ–અપ માટે ભંડોળ માટે વિવિધ દેશોમાં ઘણા લોકોની મુલાકાત લીધી. ભંડોળ એકત્ર કરવામાં તેમને ૨ વર્ષ લાગ્યાં. તેમનો ઉદ્દેશ્ય આ પ્રોટીન માટે વૈશ્વિક નિયમનકારી મંજૂરી મેળવનારી પ્રથમ કંપની બનવાનો છે. તેણીએ બિઝનેસ મોડલ (B2B/B2B2C) સમજાવ્યું. તેણીએ મુખ્ય વૈશ્વિક સ્પર્ધકો અને તેમના સ્પર્ધાત્મક લાભ વિશે પણ વાત કરી.

સત્રના સમાપન માટે શ્રીમતી દેવાંશી સોલંકીએ શ્રીમતી પરિની કાપડિયાને સ્મૃતિ ચિહ્નથી સન્માનિત કર્યા અને તેમનો અમૂલ્ય સમય ફાળવવા બદલ અને તેમના જ્ઞાન અને અનુભવને સહભાગીઓ સાથે શેર કરવા બદલ સ્પીકરને ધન્યવાદ, સંસ્થાની ઈનોવેશન કાઉન્સિલ, MHRD અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો પણ આભાર માન્યો. આ કાર્યક્રમનું આયોજન ઇન્સ્ટીટયુશન ઈનોવેશન કાઉન્સિલ (IIC) VNSGU, સ્ટુડન્ટ સ્ટાર્ટ–અપ એન્ડ ઇનોવેશન પોલિસી (SSIP), આઇડિયા એન્ડ ઈનોવેશન સેલ દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## એબીસી, એનએડી અને ડિજિલોકર પર વર્કશોપ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ ઉચ્ચ શિક્ષણને લગતા એબીસી, એનએડી અને ડિજિલોકર જેવાં ડિજિટલ પ્લેટફોર્મ્સ વિશે યુનિવર્સિટી સંલગ્ન કૉલેજના આચાર્યશ્રીઓ, અધ્યાપકો અને વહીવટી કર્મચારીઓને માર્ગદર્શન મળી રહે તથા તમામ માહિતી વિદ્યાર્થીઓ સુધી પહોંચે અને વિદ્યાર્થીઓ ડિજિટલ પ્લેટફોર્મ પર નોંધણી કરાવી મહત્તમ ઉપયોગ કરે તેવું આયોજન કરવા બાબતે સૌને જાણકારી આપવા તા.૧૬/૧૦/૨૦૨૩ના રોજ યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે 'ABC, NAD અને Digilocker' પર એક વર્કશોપનું આયોજન કર્યું હતું. ભારત સરકારના ઈલેક્ટ્રોનિક અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય હેઠળના ડિજિટલ ઈન્ડિયા કોર્પોરેશન તરફથી ડિજિલૉકર–એનએડી/એબીસીના ઝોનલ કો–ઓર્ડિનેટરશ્રી અભિનવ શર્માએ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપી ડિજિલૉકર–એનએડી/એબીસીમાં યુનિવર્સિટીઓએ કરવાની થતી કામગીરીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

વર્કશોપની શરૂઆત ઉદઘાટન સત્ર સાથે કરવામાં આવી હતી. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ સમારોહની અધ્યક્ષીય ઉદબોધન કર્યું હતું. કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીએ ડિજિટલ સાક્ષરતા વધારવામાં વર્કશોપના મહત્ત્વ પર ભાર મુકતા સહભાગીઓને ઉષ્માભર્યું સ્વાગત કર્યું. ઉદ્ઘાટન સમારંભનું આભાર દર્શન પરીક્ષા નિયામકશ્રી એ.વી.ધડુકે કર્યું હતું.

વર્કશોપના મુખ્ય વક્તા શ્રી અભિનવ શર્માએ ABC (એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ્સ), NAD (નેશનલ એકેડેમિક ડિપોઝિટરી) અને ડિજિલોકરની વ્યાપક ઝાંખી પૂરી પાડી હતી, જેમાં શૈક્ષણિક રેકોર્ડને સુવ્યવસ્થિત કરવામાં અને ડિજિટલ દસ્તાવેજીકરણને પ્રોત્સાહન આપવામાં તેમની ભૂમિકાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. તેમણે વહીવટી પ્રક્રિયાઓને સરળ બનાવવા અને વિદ્યાર્થીઓ અને સંસ્થાઓ માટે સુલભતા વધારવાની તેમની સંભવિતતા પર ભાર મૂકતા આ પ્લેટફોર્મના ફાયદાઓ વિશે વિગતવાર વર્ણન કર્યું. તેમજ કાર્યક્રમમાં સહભાગી થનાર સૌના મનમાં ઉદભવતા પ્રશ્નો અને મુંઝવણોનું સમાધાન કરી, વધુમાં વધુ વિદ્યાર્થીઓને ડિજિટલ ભારતના મિશનમાં જોડવા આહવાન કર્યું હતું. આ વર્કશોપ દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ સમગ્ર દક્ષિણ ગુજરાતના સમુદાયને ડિજિટલ સાક્ષરતા સાથે સશકત બનાવવા અને શૈક્ષણિક પ્રગતિ માટે ટેકનોલોજી અપનાવવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.
















| No. | Institution Name | State | Unique Credit Data with Student ABC ID |
|---|---|---|---|
| **1** | **Veer Narmad South Gujarat University Surat** | **Gujarat** | **134870** |
| 2 | Yashwantrao Chavan Maharashtra Open University Nashik | Maharashtra | 85687 |
| 3 | Maulana Abul Kalam Azad University ff Technology West Bengal | West Bengal | 64618 |
| 4 | Shivaji University Kolhapur | Maharashtra | 51296 |
| 5 | Kavayitri Bahinabai Chaudhari North Maharashtra University Jalgaon | Maharashtra | 44571 |
| 6 | Swami Ramanand Teerth Marathwada University Nanded | Maharashtra | 36094 |
| 7 | Sardar Patel University Vallabh Vidyanagar | Gujarat | 16132 |
| 8 | I.K. Gujaral Punjab Technical University | Punjab | 15440 |
| 9 | Gondwana University Gadchiroli | Maharashtra | 10903 |
| 10 | Indian Institute of Teacher Education Gandhinagar | Gujarat | 2570 |

| No. | Institution Name | State | All Credit Data with Student ABC ID |
|---|---|---|---|
| **1** | **Veer Narmad South Gujarat University Surat** | **Gujarat** | **395942** |
| 2 | Maulana Abul Kalam Azad University of Technology West Bengal | West Bengal | 128272 |
| 3 | Yashwantrao Chavan Maharashtra Open University Nashik | Maharashtra | 88064 |
| 4 | Shivaji University Kolhapur | Maharashtra | 61431 |
| 5 | Kavayitri Bahinabai Chaudhari North Maharashtra University Jalgaon | Maharashtra | 54222 |
| 6 | Swami Ramanand Teerth Marathwada University Nanded | Maharashtra | 41070 |
| 7 | Sardar Patel University Vallabh Vidyanagar | Gujarat | 36938 |
| 8 | I.K. Gujaral Punjab Technical University | Punjab | 18018 |
| 9 | Gondwana University Gadchiroli | Maharashtra | 11406 |
| 10 | Indian Institute of Teacher Education Gandhinagar | Gujarat | 10268 |

| No. | Institution Name | State | All Credit Data with Student ABC ID for 2021 |
|---|---|---|---|
| **1** | **Veer Narmad South Gujarat University Surat** | **Gujarat** | **54168** |
| 2 | Guru Jambheshwar University ff Science & Technology | Haryana | 770 |
| 3 | Dibrugarh University Dibrugarh | Assam | 737 |
| 4 | Shaheed Bhagat Singh State University Ferozepur Punjab | Punjab | 167 |
| 5 | Lala Lajpat Rai University ff Veterinary And Animal Sciences | Haryana | 46 |
| 6 | I.K. Gujaral Punjab Technical University | Punjab | 43 |
| 7 | Maharana Pratap Horticultural University | Haryana | 28 |
| 8 | Sardar Beant Singh State University | Punjab | 18 |
| 9 | Maharaja Krishnakumarsinji Bhavnagar University | Gujarat | 16 |
| 10 | Dr. Balasaheb Sawant Konkan Krishi Vidyapeeth Dapoli | Maharashtra | 12 |

| NO | Institution Name | State | ABC Student Accounts |
|---|---|---|---|
| 1 | Yashwantrao Chavan Maharashtra Open University Nashik | Maharashtra | 612003 |
| 2 | Savitribai Phule Pune University | Maharashtra | 568772 |
| 3 | University of Mumbai | Maharashtra | 490490 |
| 4 | Prof. Rajendra Singh (Rajju Bhaiya) University Prayagraj | Uttar Pradesh | 403223 |
| 5 | Dr. Ram Manohar Lohia Awadh University Faizabad | Uttar Pradesh | 296679 |
| **6** | **Veer Narmad South Gujarat University Surat** | **Gujarat** | **243073** |
| 7 | Chaudhary Charan Singh University | Uttar Pradesh | 237614 |
| 8 | Mahatma Jyotiba Phule Rohilkhand University Bareilly | Uttar Pradesh | 228159 |
| 9 | University of Kalyani | West Bengal | 195432 |
| 10 | Shivaji University Kolhapur | Maharashtra | 178463 |

## વર્ષ: ૨૦૨૩નો શૈક્ષણિક સેમિનાર અને સન્માન સમારોહ



















જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી, સુરત અને સુરત શહેર માધ્યમિક શિક્ષણ સંઘના સંયુકત ઉપક્રમે તા.૨૧/૧૦/૨૦૨૩ના રોજ સવારે ૮ કલાકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે શૈક્ષણિક સેમિનાર અને સન્માન સમારોહ ૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારંભના અધ્યક્ષ ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા હતા. સમારંભના મુખ્ય મહેમાનપદે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી ઉપસ્થિત રહ્યાં હતાં. સમારંભ કુલ બે સત્રમાં યોજાયો હતો. પ્રથમ સત્રમાં મહાનુભાવોએ વિષયને અનુરૂપ વ્યાખ્યાનનો આપ્યાં હતાં.

સમારંભના મુખ્ય અધ્યક્ષ શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ પોતાના વકતવ્યમાં વિદ્યાર્થીઓને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં શિક્ષણ સાથે અનાદિ, અનંત અને શાશ્વત સત્યને કેન્દ્રમાં રાખીને શિક્ષણ આપવું જોઈએ, તે વિચાર પર ભાર મૂકયો હતો. તેમણે સિદ્ધાંતોના સ્થાયિત્વ અને ટેકનોલોજીના પરિવર્તનને ધ્યાનમાં રાખીને જણાવ્યું હતું કે શિક્ષણ પદ્ધતિને પોતાના નિયમો અને સિદ્ધાંતો હોય છે. સિદ્ધાંતો સ્થાયી હોય છે, પરંતુ ટેકનોલોજી પરિવર્તન પામતી રહે છે. આ બાબતને ધ્યાનમાં રાખીને શિક્ષકોએ વિદ્યાર્થીઓના મગજમાં એવા વિચારો અને સિદ્ધાંતો ગુંજતા કરવાના છે કે ટેકનોલોજી ભલેને ગમે તેટલું પરિવર્તન પામે પરંતુ બાળક સત્યની રાહ કયારેક ન છોડે. મંત્રીશ્રીએ પોતાના વકતવ્યને આગળ વધારતા જણાવ્યું હતું કે સમાજમાં શિક્ષણનું માપ તકનીકી શોધો, આંતરમાળખાકીય વિકાસ, રોજગારીની

તકો, સંપત્તિનું સર્જન વગેરે ભૌતિક બાબતોને ધ્યાનમાં રાખીને કાઢવામાં આવ્યું હોય છે. પરંતુ શિક્ષણનું સાચું માપ ભૌતિક વિકાસમાં ન હોતા વિદ્યાર્થીના જીવન ઘડતરના પાયામાં અને સમગ્ર જીવનમાં સત્યની સતત ઉપસ્થિતિ છે, તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે ગાંધીજીએ જોયેલા રાજા હરિશ્ચંદ્ર નાટક અને તેની ગાંધીજીના જીવન પર પડેલી અસરની વાત કરીને જણાવ્યું હતું કે, આ અને આ પ્રકારની અન્ય બાબતોએ ગાંધીજીના જીવન પર પડેલી અસરની વાત કરીને જણાવ્યું હતું કે આ અને આ પ્રકારની અન્ય બાબતોએ ગાંધીજીને મહાત્મા બનાવ્યા હતા. તેમણે આ પ્રકારનું શિક્ષણ બાળકોને મળી રહે તે જોવાની જવાબદારી શિક્ષણની બની રહે છે તેમ જણાવ્યું હતું. તેમણે ભારતીય સંસ્કૃતિની અમરતાનું કારણ તેના મૂળમાં રહેલું સનાતન સત્ય છે તેમ જણાવ્યું હતું. તેમણે વર્તમાન સમયમાં જે લડાઈ, ઝઘડા, યુદ્ધ વગેરે જુદા જુદા દેશોમાં ચાલી રહ્યા છે તેનું કારણ માનવસમાજ સત્યથી દૂર જઈ રહ્યો છે તે છે તેમ જણાવ્યું હતું. તેમણે વર્તમાન સમયમાં નિષ્ફળ વિદ્યાર્થીઓ દ્વારા થતી આત્મહત્યાઓનું કારણ શ્રીમદ ભગવદગીતાના સંદર્ભને ધ્યાનમાં રાખીને જણાવતાં કહ્યું હતું કે વિદ્યાર્થીઓ ફળની આશા વગર જો કર્મ કરશે તો તેઓ આમાંથી ચોક્કસપણે મુક્ત થશે. તેમણે જણાવ્યું હતું કે ઘરમાં, કુટુંબમાં અને સમાજમાં સંતુલન જાળવવા માટે ઉપયોગી બને તે સાચું શિક્ષણ છે. બીજા માટે ઘસાઈ જવાની ભાવના કેળવે તે સાચું શિક્ષણ છે તેમ તેમણે શિક્ષણની ઉપયોગિતાને ધ્યાનમાં રાખીને જણાવ્યું હતું. કર્મને સમજાવતા તેમણે જણાવ્યું હતું કે કર્મ ક્યારેય નાશ પામતું નથી. તે આધ્યાત્મિક વિજ્ઞાનનો વિષય છે. આ વિચાર બાળકોના મગજમાં ગુંજતો કરવાની જવાબદારી શિક્ષકોની છે. તેમણે શિક્ષણ જગતમાં વિદ્યાર્થીઓ પ્રત્યે કેટલીક વાર શિક્ષકો દ્વારા રાખવામાં આવતા રાગદ્વેષ વિશે ચિંતા વ્યક્ત કરી હતી. શિક્ષક નિષ્પક્ષ હોવો જોઇએ તેમ તેમણે જણાવ્યું હતું. વિદ્યાર્થીઓને શિક્ષણ બાદ નોકરી મળ્યા પછી પણ જીવનમાં આનંદ અનુભવાતો નથી. તેનું કારણ આપણી મૂળ વિચારધારાથી દૂર જવાનું જણાવ્યું હતું. તેમને બાળકોમાં જનરેશન ગેપને સમજાવતા જણાવ્યું હતું કે આપણા બાળકો ટેકનોલોજી વગેરે બાબતોમાં આગળ છે પરંતુ મૂળ સિદ્ધાંતોમાં પાછળ છે, જેને પૂરવાનું કામ શિક્ષકોએ કરવાનુ છે. તેમણે વર્તમાનમાં બાળકોમાં સારા લેખકો, સારું સાહિત્ય, તત્વજ્ઞાનીઓ વગેરે બાબતોની અજ્ઞાનતા વિશે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે બાળકોમાં ગાંધીજી દ્વારા સ્થાપિક સામુહિક જીવન પદ્ધતિ અપનાવવા માટેની ભલામણ કરી હતી. તેમણે ૧થી ૭ વર્ષના બાળકોમાં મૂળ ભારતીય સિદ્ધાંતોનું બીજ વાવવાની વાત કરી હતી, જે આગળ જતા વટવૃક્ષ બની ભારત અને વિશ્વ સમાજ માટે ઉપયોગી બની રહે તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે બાળકોને જે વિષયમાં રસ હોય તેમાં જવાદેવાની ભલામણ શિક્ષકોને કરી હતી. બાળકો પર શિક્ષકોને અને માતા પિતાને વિષયો ન થોપવાની ભલામણ કરી હતી. તેમણે બાળકોમાં નાચિકેતવૃત્તિ વિકસાવવા માટે શિક્ષકોને સૂચન કર્યું હતું. તેમણે જ્ઞાનની શાશ્વતતા અને બાકીના બધાની નાશવંતતા પર વિચાર વ્યક્ત કર્યા હતા. તેમણે કોને શિક્ષક બનવું જોઈએ? તે વિશે વાત કરતા જણાવ્યું હતું કે રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપે તેવા વ્યકિઓએ શિક્ષક બનવું જોઈએ. તેમણે ભારતીય સંસ્કૃતિ, શિક્ષણ અને જ્ઞાનને પૂજનારી સંસ્કૃતિ છે તેમ જણાવી ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણ અને જ્ઞાનનો મહિમા દર્શાવ્યો હતો. તેમને ભારતીય સંસ્કૃતિના કેન્દ્રમાં રહેલી અહિંસાની વાત જૈન ધર્મના ઉદાહરણ દ્વારા સમજાવી હતી. તેમણે ભારતીય સંસ્કૃતિનો વારસો શિક્ષણ પદ્ધતિમાં વણી લેવાની વાત કરી હતી. તેમણે વર્તમાનમાં કોમ્યુનિકેશન તકનીકના માનવ સમાજ દ્વારા થઈ રહેલા અતિ ઉપયોગ વિશે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે ટેકનોલોજીના સદુપયોગ વિશે જણાવ્યું હતું. તેમણે શિક્ષકોને સમગ્ર માનવજાત એક સમાન છે તે બાબતને વિદ્યાર્થીઓના જીવનમાં વણી લેવા કહ્યું હતું. તેમણે પોતાના વકતવ્યના અંતમાં ભારતીય સંસ્કૃતિના આધાર સમાન વિચાર હું પણાને ત્યાગવાની વાત કરી હતી.

મંત્રીશ્રીના વકતવ્ય બાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિહ એન. ચાવડાએ વિષયને અનુરૂપ પોતાનું સંક્ષિપ્ત પ્રવચન આપ્યું હતું. જેમાં તેમણે જણાવ્યું હતું કે નવી શિક્ષણનીતિના અમલીકરણ સંદર્ભે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી રાજ્યમાં પ્રથમક્રમે રહી છે. તેવી જ રીતે ABC કાર્યક્રમમાં પણ યુનિવર્સિટી રાજ્યમાં પ્રથમક્રમે રહી છે. તેમણે યુનિવર્સિટીમાં થઈ રહેલ યુ ડાયસ અને યુઆઈડીની કામગીરી વિશે શિક્ષકોનું ધ્યાન દોર્યું હતું. તેમણે પોતાના શિક્ષણ જીવનની સફરની પણ શિક્ષકો સમક્ષ ટૂંકી વાતચીત કરી હતી. તેમાં જે શિક્ષકોનો સહયોગ રહ્યો હતો. તેમનો કુલપતિજીએ આભાર માન્યો હતો. તેમણે માધ્યમિક શિક્ષકો સમક્ષ યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવેલા ૭૨૧ જેટલા સર્ટિફિકેટ કોર્સની વાત કરી હતી. જેમાં તેમણે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરે વિદ્યાર્થીઓને કૌશલ્ય અને રોજગારી આપવામાં મદદરૂપ થઈ શકે તેવા સર્ટિફિકેટ કોર્સની માહિતી આપી હતી. આ કોર્સ ગુજરાતની ઔદ્યોગિક વગેરે જરૂરીયાતોને પૂર્ણ કરી શકે તે પ્રમાણે તૈયાર કરવામાં આવ્યા છે તેમ જણાવી પોતાનું વકતવ્ય પૂર્ણ કર્યું હતું.

જ્યારે બીજી બેઠકમાં નિવૃત્ત શિક્ષકોનું સન્માન, વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર શિક્ષકોનું સન્માન, નવનિયુક્ત આચાર્યશ્રીઓનું અભિવાદન અને શૈક્ષણિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આભારવિધિના અંતે કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## ઇન્ટર યુનિવર્સિટી એક્સીલેટર સેન્ટર (આઈ.યુ.એસ.સી) નવી દિલ્હી ખાતે યોજાયેલ સ્કુલમાં ભાગ લેતાં પ્રો. કિશોર પોરિયા

ભારતની ખ્યાતનામ સંસ્થા આઈ.યુ.એસ.સી. નવી દિલ્હી ખાતે 'વેરીયસ ટાઈપ્સ ઓફ ખાર્કમા એન્ડ ધેર એપ્લિકેશન" પર સ્કુલનું આયોજન થયેલ હતું. આ સ્કુલમાં સમગ્ર દેશમાં મટીરીયલ્સ સાયન્સ, એસ્ટ્રોફીઝીક્સ, ન્યુક્લીયર ફીઝીક્સ જેવા ગહન વિષયોમાં પ્લાઝમા પ્રવેગકોનો વ્યાપક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ભારતમાં ન્યુક્લીયર પ્રવેગકોની ડિઝાઈન, પ્રવેગકોનું સ્થાપન અને તેની

ઉપયોગિતા ઉપરાંત સંશોધનકર્તા અને અધ્યાપકોને આ વિષયનું ઊંડું સંશોધનાત્મક જ્ઞાન ઉપરાંત તેનો સીધો જ ઉપયોગ કરવાની વ્યવસ્થા આઈ.યુ.એસ.સી.માં આપવામાં આવે છે. આ ક્ષેત્રમાં કાર્યરત ભારતનાં ખ્યાતનામ અધ્યાપકો પ્રો.એમ.એસ. શૈની, અમૃતસર, પ્રો.જી.ઓ.રોડીગ્સ–દિલ્હી, પ્રો.રજનીશકુમાર બાહ્ય, પ્રો.આર.નારાયણ અને પ્રો.વિદાંત સકામા, આઈ.આઈ.ટી. દિલ્હી, ડૉ.આર.થમ્પી, ઈસરો ત્રિવેન્દ્રમ, પ્રો.માથે પુના, પ્રો.શર્મા, બી.એ.આર.સી. અને ડૉ. ડેવીસ મસ્કલી–ઈટાલી અને આઈ.પી.આર. વૈજ્ઞાનિકોએ વિષયની સુરત છાપવા કરી હતી અને ટેટામાં વધતી જતી 'વિજ્ઞાન ભૂલ'ને તૃપ્તી કરવામાં પ્લાઝમાનાં ફાળા અંગે ચર્ચા વિચારણા કરી હતી. આ ઉપરાંત આ કેન્દ્રમાં આવેલાં વિવિધ એસ્કેસ લેટર લેબોરેટરીની મુલાકાત લીધી હતી. વિશેષત્ લેબોરેટરીમાં અને અવકાશીય બાહ્યવરણમાં પ્લાઝમાં, પ્લાઝમાં ઉત્પન્ન કરવા માટે વપરાતાં વિવિધ ઉધગમો, પ્લાઝમાની મદદથી ટયુનેબલ ડીવાઈસનું ઉત્પાદન અને તેની આધુનિક તકનીકોમાં ઉપયોગિતા, ઉચ્ચ શકિત સંવેદકો અને નામકીય કણોનાં અભ્યાસમાં પ્લાઝમાંની ઉપયોગિતા, વિવિધ પ્રકારના પ્રવેગકો જેવા કે, વાન દ ગ્રાફ, સાયકાપેટ્રોન અને રેખીય પ્રવેગકોની મર્યાદાઓને અને તેના ઉકેલોપ આર.એફ. અને ન્યુટ્રોન સોર્ષ પ્લાઝમા, પલ્સ પાવર જનરેટર જેવા અગત્યનાં વિષયો પર વ્યાખ્યાનો યોજાયાં હતાં. ત્યારબાદ લેબોરેટરીઓની મુલાકાત યોજાઈ હતી. જેમાં પ્રવેગકો પ્લાઝમા ઉત્પાદન, કોલ્ડ પ્લાઝમા, પ્લાઝમાશીપ, હોટ પ્લાઝમા વગેરેનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. ઈસરો દ્વારા બનાવવામાં આવેલ આદિત્ય L1, તેમાં રહેલાં ઉપકરણો, તેમની રચના અને હેતુ વિશે સમજણ આપવામાં આવેલ હતી. આદીત્ય L1 વિશ્વમાં સૌપ્રથમ સુર્યની સૌથી નજીક જઈ સૂર્યનો અભ્યાસ કરેલ છે. તેમનાં અગત્યનાં ભાગ PAPA (Plasma Analyzer Package for Aditya)નાં પ્રોજેકટ હેડ ડૉ.થમ્પી એ બૃહદચર્ચા કરી હતી. તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટનાં એલ્યુમની છે. પ્રો.પોરિયા દ્વારા હાલમાં વિજ્ઞાન જગતમાં થયેલ પરીવર્તન અને સંસ્થાઓનાં દાયિત્વ વિશે વાત કરી હતી. ઉપરાંત, વિદ્યાર્થીઓ, અધ્યાપકો, વૈજ્ઞાનિકો અને ઉંવોગ સાહસિકો માટે કોઈપણ પ્રકારનાં ચાર્જ વગર કાર્યક્રમો થાય તેવો આશાવાદ વ્યકત કર્યો હતો. આજકાલ કોન્ફરન્સ, સેમિનાર, સ્કુલ તથા સંશોધન પેપરનાં પ્રકાશનો માટે ખૂબ મોટી ફી (રજીસ્ટ્રેશન, અકોમોડેશન, પબ્લિકેશન ચાર્જ વગેરે) લેવામાં આવતાં હોઈ છે.

## Department of Journalism & Mass Communication

### G-20 અંતર્ગત એક દિવસીય રાષ્ટ્ર સ્તરની કાર્યશાળા "रेडिओ: भारत की आवाज"નું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન દ્વારા તા. ૭ ઓકટોબર, ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે વિદ્યાર્થીઓ માટે G-20 અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાની અધ્યક્ષતામાં એક દિવસીય રાષ્ટ્રસ્તરની કાર્યશાળા "रेडिओ: भारत की आवाज"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આકાશવાણી અને વિવિધ ભારતી કેન્દ્રો દિલ્હી, મુંબઈ અને અમદાવાદ સ્ટેશનના વરિષ્ઠ અધિકારીશ્રોઓ રેણુ ચતુર્વેદી (સહાયક નિયામક, પ્રોગ્રામ હેડ, વિવિધ ભારતી રાષ્ટ્રીય સેવા, મુંબઈ), શ્રી સુરેશ કુમાર (વરિષ્ઠ પ્રોગ્રામ ઓફિસર, આકાશવાણી, દિલ્હી), શ્રી રામઅવતારબૈરવા (વરિષ્ઠ પ્રોગ્રામ ઓફિસર, આકાશવાણી, દિલ્હી), શાલિની મિત્તલજી (વરિષ્ઠ પ્રોગ્રામ ઓફિસર, આકાશવાણી, દિલ્હી), ડૉ. પ્રફુલ્લતાંબે (વરિષ્ઠ પ્રોગ્રામ ઓફિસર, આકાશવાણી, મુંબઈ), શ્રી ભરત દેવમણી (નાયબ નિયામક, ભારતીય માહિતી સેવા) અને પ્રાદેશિક સમાચાર એકમના વડા, આકાશવાણી અમદાવાદ), શ્રી કૃષ્ણ ભાવે (પ્રોગ્રામ ઓફિસર, આકાશવાણી, વડોદરા), કીર્તિ જૈનજી (પ્રોગ્રામ એડિટર, આકાશવાણી, દિલ્હી) શ્રી શ્યામ ગંટેલા (વરિષ્ઠ ઉદઘોષક, વિવિધ ભારતી, મુંબઈ), શ્રી દિલીપ કુલકર્ણી (મદદનીશ ઈજનેર, વિવિધ ભારતી મુંબઈ) વગેરે ખાસ ઉપસ્થિત રહેનાર છે. સ્થાનિક સ્તરે સુરતના AIR FM સ્ટેશનના મુખ્ય અધિકારીશ્રી અને જુદા જુદા ખાનગી FM રેડિયો સ્ટેશનોના RJ પણ જોડાવાના છે.

આ કાર્યશળામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને રેડિયોની જુદી જુદી બાબતોની માહિતી મળી રહે તે હેતુથી ખાસ માસ્ટર કલાસનું આયોજન પણ કરવામાં આવ્યું છે. જેમાં રેડિયો ક્ષેત્રમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને નિષ્ણાંતો પાસેથી, રેડિયો એનાઉન્સર કામગીરી, રેડિયો પ્રોગ્રામિંગ, સ્ક્રિપ્ટરાઈટીંગ, ન્યુઝ રાઈટીંગ, ન્યુઝ પ્રોગ્રામિંગ, રેડિયો લાઈવપ્રોગ્રામિંગ, ઈન્ટરવ્યૂપ, રેડિયો એડીટીંગ પદ્ધતિ, રડિયો જોકી, રેડિયો રીલ, ડિજિટલ રેડિયોની વિભિન્ન કામગીરી વગેરે વિષયો પર અત્યંત મહત્વપૂર્ણ જાણકારી અને પ્રેકટીકલ જ્ઞાન મળશે.



## જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટમાં ૧૦૧ કુમારિકા દીકરીનું પૂજન કરાયું

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન દ્વારા નવરાત્રી પર્વને લઈને ''ખાસ ગરબાનો રંગ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનને સંગ''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પ્રાર્થના હોલમાં કરવામાં આવ્યું  હતું. આ કાર્યક્રમમાં જેમાં ૧૦૧ કુમારિકા દીકરીનું પૂજન કરવામાં આવ્યું હતું. એટલું જ નહીં, પૂજન કર્યા બાદ દીકરીને ગોરણી પણ જમાડવામાં આવી હતી. ત્યાર બાદ કુમારિકાઓને સ્ટેશનરીની કીટ પણ અપી તેમના ઉત્સાહમાં વધારો કર્યો હતા. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સિન્ડિકેટ સભ્યોશ્રી કિરણભાઈ ઘોઘારી, શ્રી સંજયભાઈ લાપસીવાલા અને શ્રી ડૉ.કે.સી.પોરિયા, સેનેટ સભ્યશ્રી અમિત નાથાણી સહિતના સભ્યો હાજર રહ્યાં હતાં. ઉપરાંત પરીક્ષા નિયામકશ્રી અરવિંદ ધડૂક અને નાયબ કુલસચિવશ્રી ડૉ. નરેન્દ્ર પટેલ પણ હાજર રહી કન્યા પૂજનમાં જોડાયા હતા. તેમજ જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટના કો–ઓર્ડિનેટર ડૉ. ભરત ઠાકોર, અધ્યાપક ડૉ. શ્રીધર નિમાવત, અધ્યાપક ડૉ. કિરણ મિત્તલ સહિતના ફેકલ્ટી સ્ટાફે પણ કન્યા પૂજન કર્યું હતું. સાથે સાથે વિવિધ વિભાગના વડાશ્રીઓ ડૉ. દિપક ભોય, ડૉ. કૈલાસબેન પટેલ તથા કર્મચારી મંડળના ઉપપ્રમુખશ્રી દિનેશ પાટીલ અને શ્રી વિશાલ દાલીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સિકયુરિટી ઓફિસરશ્રી મેહુલ મોદી માત્ર ઉપસ્થિત જ રહ્યા ન હતા પરંતુ તેમણે દીકરીઓને ભોજન પીરસવાનું કાર્ય પણ કર્યું હતું. અંતે ખુશ થયેલી દીકરીઓએ પણ ખૂબ જ હર્ષોલ્લાસથી ગરબા રમ્યા હતા.


























## Department of Sociology

### સમસ્યાઓને તકોમાં કેવી રીતે ફેરવવી: વ્યાખ્યાન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના Master of Social Work (MSW) પ્રોગ્રામ, સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા સંજીવની લાઈફ બિર્યોડ કેન્સર સંસ્થાના સંસ્થાપક શ્રીમતી રૂબી અહલુવાલિયાનું વિશેષ વ્યાખ્યાનનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં વિભાગના અધ્યક્ષ ડૉ. એમ.એન.ગાયકવાડ, Master of Social Work (MSW) પ્રોગ્રામના કો–ઓર્ડિનેટર ડૉ. અરુણ પંડયા, અધ્યાપકો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા. પ્રસ્તુત વ્યખ્યાનમાં શ્રીમતી રૂબીબેને પોતાના જીવનકાળની શરૂઆત અને સેવાકાર્ય વિશે વાત કરી હતી. તેમજ તેમણે કેન્સર જેવી ગંભીર બીમારી દરમ્યાન દર્દીને જરૂર પડતી પ્રેરણા પર પ્રકાશ પડયો હતો. ત્યારબાદ તેમણે વિદ્યાર્થીમિત્રોને જીવનમાં આવી પડતી મુશ્કેલીને કેવી રીતે તકોમાં ફેરવી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.








## કૉલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### રોટરેક્ટ ક્લબ ઓફ સુરત રાઉન્ડ ટાઉન ટ્રોફી એનાયત





જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન સ્વૈચ્છિક રક્તદાન માટે આયોજિત શિબિરોમાં સૌથી વધુ રક્ત એકમો પ્રાપ્ત કરવા બદલ તા.૦૮/૧૦/૨૦૨૩ને રવિવારના રોજ આદર્શભવન હોલ, આદર્શ સોસાયટી, અઠવાલાઈન્સ, સુરત ખાતે સવારે ૧૦:૦૦ કલાકે સુરત રક્તદાન કેન્દ્ર અને રિસર્ચ સેન્ટરની યોજાયેલ ૪૭મી વાર્ષિક સામાન્ય સભામાં 'પ્રથમ વિજેતા' તરીકે રોટરેક્ટ ક્લબ ઓફ સુરત રાઉન્ડ ટાઉન ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

### આંતર કૉલેજ વેઈટ લિફિટંગ ચેમ્પિયનશીપમાં વિજેતા






જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ.આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના વિદ્યાર્થીઓ પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, અમરોલી ખાતે આયોજિત આંતર કૉલેજ વેઈટ લિફિટંગ ચેમ્પિયનશીપ (ભાઈઓ/બહેનો) ૨૦૨૨–૨૩માં ચમક્યા.

તા. ૧૦–૧૦–૨૦૨૩ને મંગળવારના રોજ આંતર કૉલેજ વેઈટ લિફિટંગ ચેમ્પિયનશીપ (ભાઈઓ) ૨૦૨૨–૨૩ માં બી.એ.સેમેસ્ટર–૧નો વિદ્યાર્થી હર્ષદભાઈ ધંધુકિયાએ ૫૫ કિ.ગ્રા. કેટેગરીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ, બી.એ.સેમેસ્ટર–૩નો વિદ્યાર્થી અક્ષયકુમાર બલદાણીયાએ ૬૧ કિ.ગ્રા. કેટેગરીમાં ગોલ્ડ મેડલ, બી.એ.સેમેસ્ટર–૧નો વિદ્યાર્થી ક્રીસ પરમારે ૬૧ કિ.ગ્રા.ની કેટેગરીમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ, બી.એ. સેમેસ્ટર–૧નો વિદ્યાર્થી અક્ષય ડાંખરાએ ૬૭ કિ.ગ્રાની કેટેગરીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ, બી.કોમ. સેમેસ્ટર–૩નો વિદ્યાર્થી ઉત્સવ મોદીએ ૬૭ કિ.ગ્રા. કેટેગરીમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી સિલ્વર મેડલ, બી.કોમ. સેમેસ્ટર–૩નો વિદ્યાર્થી વિવેક રાજપૂતે ૮૧ કિ.ગ્રા.ની કેટેગરીમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા.

તા. ૧૧–૧૦–૨૦૨૩ને બુધવારના રોજ આંતર કૉલેજ વેઈટ લિફિટંગ ચેમ્પિયનશીપ (બહેનો) ૨૦૨૨–૨૩માં બી.કોમ. સેમેસ્ટર–૩ની વિદ્યાર્થીની કુ. સોનલ શુકલાએ સિલ્વર મેડલ, બી.કોમ. સેમેસ્ટર–૩ની વિદ્યાર્થીની કુ. મધુ મિશ્રાએ બ્રોન્ઝ મેડલ, બી.કોમ. સેમેસ્ટર–૩ની વિદ્યાર્થીની કુ. માનસી સિંઘે સિલ્વર મેડલ, એમ.એ. સેમેસ્ટર–૧ અર્થશાસ્ત્ર વિષયની વિદ્યાર્થીની કુ. કિંજલ પરમારે સિલ્વર મેડલ, બી.કોમ. સેમેસ્ટર–૩ની વિદ્યાર્થીની કુ.ઝીલ પટેલે ગોલ્ડ મેડલ, એમ.કોમ. સેમેસ્ટર–૩ની વિદ્યાર્થીની કુ. પૂજા મિશ્રાએ બ્રોન્ઝ મેડલ મેળવ્યા પ્રાપ્ત કર્યો હતો. આ રીતે આંતર કૉલેજ વેઈટ લિફિટંગ ચેમ્પિયનશીપ (ભાઈઓ) ૨૦૨૨–૨૩માં ૩ ગોલ્ડ મેડલ, ૧ સિલ્વર મેડલ અને ૨ બ્રોન્ઝ મેડલ તેમજ આંતર કૉલેજ વેઈટ લિફિટંગ ચેમ્પિયનશીપ (બહેનો) ૨૦૨૨–૨૩માં ૧ ગોલ્ડ મેડલ, ૩ સિલ્વર મેડલ, ૨ બ્રોન્ઝ મેડલ મળ્યા અને રનર અપ બની. સ્પર્ધાના વિજેતાઓને જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી, ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યામાં આવ્યા હતા.

### કળશયાત્રા

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના NSS યુનિટ દ્વારા તા. ૧૩/૧૦/૨૦૨૩ના રોજ મેરી માટી મેરા

દેશ અંતર્ગત ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ 'કળશયાત્રા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરો પ્રા. જિતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. વિજયભાઈ ચૌધરી તથા પ્રા. પંકજભાઈ નાયક ઉપસ્થિત રહ્યા હતા. આ કળશયાત્રામાં અંદાજિત ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



## વિવિધ કાર્યક્રમોનું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના NSS/NCC યુનિટ દ્વારા તા. ૧૭/૧૦/૨૦૨૩ના રોજ 'સ્વચ્છતા હી સેવા–૨૦૨૩' કાર્યક્રમ અંતર્ગત ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ સ્વ. શ્રી કાંતિકાકાના ૯૬માં જન્મદિવસ નિમિત્તે 'રક્તદાન શિબિર', 'સ્વચ્છતા અભિયાન રેલી' અને 'વૃક્ષારોપણ' વગેરે જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે યુનિવર્સિટીના કુલગુરૂ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને અતિથિવિશેષ તરીકે જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, માનદ મંત્રીશ્રી અનુજભાઈ શાહ, ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઈ, ટ્રસ્ટીશ્રી કાંતિભાઈ શાહ, સભ્યશ્રી ડૉ. મહેન્દ્રભાઈ સોલંકી, ડૉ. લક્ષ્મણભાઈ પટેલ, શ્રી સ્નેહલભાઈ શાહ, ડૉ. સુરેન્દ્રભાઈ પ્રજાપતિ, આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણી તેમજ એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરો પ્રા. જિતેન્દ્રભાઈ ચૌધરી, પ્રા. વિજયભાઈ ચૌધરી, પ્રા. પંકજભાઈ નાયકા તથા એન.સી.સી. કેર ટેકર પ્રા.ડૉ. સોનલબેન જરીવાલા અને NSS સ્વયંસેવકો/સેવિકાઓ, NCC કેડેટ્સ અને તેમની ટીમે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં કર્મચારી મિત્રો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.










## સન્માન સમારોહ

તા. ૨૫/૧૦/૨૦૨૩ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે ૧૧૨ વર્ષ જૂની સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીનાં અધ્યક્ષ બનવા બદલ 'જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી' અને 'છાયડો'ના પ્રમુખશ્રી ભરતભાઈ શાહનો સન્માન સમારોહનું આયોજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી કાર્યાલય અઠવાલાઈન્સ, સુરત મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા અને અધ્યાપકમિત્રો હાજર રહ્યા હતા. જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી કૉલેજ પરિવાર તથા વિદ્યાર્થીઓએ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.



## આંતર કૉલેજ ટેકવાન્ડો સ્પર્ધામાં વિજેતા

તા. ૨૪/૧૦/૨૦૨૩ના રોજ શ્રી જે.પી.આટ્ર્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ દ્વારા આંતર કૉલેજ ટેકવોન્ડો-બહેનો માટેની સ્પર્ધાનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આટ્ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કૉમર્સ કૉલેજ, અમરોલીની વિદ્યાર્થીની કુ. સંસ્કૃતિ બી. ભગતે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો જીવન જ્યોત ટ્રસ્ટ તથા અમરોલી કૉલેજ પરિવારે તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.




## પીએચ.ડી.



જે.ઝેડ.શાહ. આટ્ર્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના કોમર્સ અને એકાઉન્ટન્સી વિષયના પ્રાધ્યાપક ડૉ. મનિષ હરિવદન ટેલરે કોમર્સ/એકાઉન્ટન્સી વિષયમાં A Study on Consumer Preception towards Digital Payment System with reference to Surat District" પર મહાશોધનિબંધ આર.વી.પટેલ એન્ડ વી.એલ. શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલીના આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. આ મહાશોધનિબંધ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરેલ છે. જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી, ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

## ઈન્ટર કૉલેજ વેઈટ લિફટીંગ ટુનામેન્ટમાં વિજેતા







જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૦/૧૦/૨૦૨૩ અને તા.૧૧/૧૦/૨૦૨૩ દરમ્યાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત

યુનિવર્સિટીની ઈન્ટર કૉલેજ વેઈટ લિફ્ટીંગ (મેન અને વુમન) ટુર્નામેન્ટ આયોજન કરવામાં આવ્યું હતું. વુમન ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં અતિથિ વિશેષ તરીકે ગ્રીન મેન તરીકે જાણીતા તેમજ નેશનલ એનર્જી ઇન્ઝર્વેશન એવોર્ડ વિજેતા તેમજ ઉદ્યોગપતિ એવા શ્રી વિરલભાઈ દેસાઈ, જીલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, સુરતના રાધીકા એચ. લાથીયા, કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી, બી.બી.એ. કૉ. ઓર્ડિનેટર પ્રા. ડૉ. સ્વાતી મહેતા અને સ્ટાફ સભ્યો તેમજ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના સ્પોર્ટસ ટીચર હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. ઈન્ટર કૉલેજ વેઈટ લિફ્ટીંગ ટુર્નામેન્ટ (વુમન)માં યુનિવર્સિટી સંલગ્ન ૧૦ કૉલેજોના ૨૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ઈન્ટર કૉલેજ વેઈટ લિફ્ટીંગ ટુર્નામેન્ટ (ભાઈઓ) ટુર્નામેન્ટની ૧૯ કૉલેજોના ૬૦ સ્પર્ધકો પૈકી ૫૫ કેજી સુધી વજનમાં હર્ષદ ધનધુકિયા. જે.ઝેડ.શાહ કૉલેજ, અમરોલી ૬૧ કે.જી. વજનમાં અક્ષય બલડાનીયા, જે.ઝેડ.શાહ કૉલજ, અમરોલી, ૬૭ કેજી વજનમાં અક્ષય ડંખારા, જે.ઝેડ.શાહ કૉલેજ, અમરોલી, ૭૩ કે.જી. વજનમાં ગૌરવ રાંક, એસ.ડી.જૈન કૉલેજ, સુરત, ૮૧ કે.જી. વજનમાં અર્પિત ભડીયાદરા, એસ.પી.બી.કૉલેજ, સુરત, ૮૯ કે.જી. વજનમાં નિમેશ દેસાઈ, એસ.ડી.જૈન કૉલેજ, સુરત. ૯૬ કે.જી. વજનમાં વરૂન સાવલીયા, આર.વી.પટેલ કૉલેજ, અમરોલી, સુરત. ૧૦૨ કે.જી. વજનમાં પ્રિન્સ પાલાવત, અંબાબા કૉલેજ, સુરત. ૧૦૯થી વધું કે.જી. વજન વિરાજ ડાબરિયા, નારણલાલા કૉલેજ, નવસારી પ્રથમ ક્રમે રહ્યા હતા. વેઈટ લિફ્ટીંગ ટુર્નામેન્ટ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ચેમ્પયનશીપ વિજેતા તરીકે જે.ઝેડ.શાહ કૉલેજ, અમરોલી રહી હતી. જ્યારે રનર્સઅપ તરીકે અંબાબા કૉલેજ, સાબરગામ, સુરત રહી હતી. જ્યારે વેઈટ લિફ્ટીંગ (વુમાન) ટુર્નામેન્ટમાં પ્રથમ ક્રમે ૪૫ કે.જી. વજનમાં દિશા ચોટલિયા, અંબાબા કૉલેજ, સાબરગામ ૪૯ કે.જી. હેતવી લીમબાની, ડી.આર.બી.કૉલેજ, સુરત. ૫૫ કે.જી. વજનમાં વિદ્યા શર્મા, અંબાબા કૉલેજ, સાબરગામ, સુરત. ૫૯ કે.જી. વજનમાં ઝીલ પટેલ, જે.ઝેડ.શાહ. કૉલેજ, અમરોલી. ૭૧ કે.જી. વજનમાં પ્રતિ મિશ્રા, આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ખોલવડ ૮૧ કે.જી. વજનમાં હેમલતા પટેલ અંબાબા કૉલેજ, સાબરગામ ૮૭ કે.જી. વજનમાં આયુશી પટેલ, એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરત. વેઈટ લિફ્ટીંગ ટુર્નામેન્ટ (વુમન) ટુર્નામેન્ટમાં ચેમ્પ્યનશીપ વિજેતા તરીકે અંબાબા કૉલેજ, સાબરગામ, સુરત રહી હતી જ્યારે રનર્સ અપ તરીકે જે.ઝેડ.શાહ કૉલેજ અમરોલી રહી હતી. ટુર્નામેન્ટની તમામ કેટેગરીના પ્રથમ, દ્વિતિય અને તૃતિય વિજેતાઓને ગોલ્ડ મેડલ, સીલ્વર મેડલ, બ્રોન્ઝ મેડલ આપવામાં આવ્યા હતા. ઈન્ટર કૉલેજ વેઈટ લિફ્ટીંગ ટુર્નામેન્ટ (ભાઈઓ)માં યુનિવર્સિટી તરફથી સિલેકટર તરીકે ડૉ. રૂસ્તમ સદરી, ડૉ. સુરેન્દ્રસિંહ રાણા અને શ્રી અમિતસિંહ રાઠોડ જ્યારે વુમન ટુર્નામેન્ટમાં ડૉ. મયુર પટેલ, ડૉ. સુરેન્દ્રસિંહ રાણા અને શ્રી પ્રશાંતભાઈ પિલ્લાઈએ સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્રા. સાયેબ મેમણ, પ્રા. રશમી નાયક અને ડૉ. પ્રદીપ લેન્કા (સ્પોર્ટસ ટીચર) દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

## ઈન્ટર કૉલેજ વુમન પાવર લિફ્ટીંગ ટુર્નામેન્ટનું આયોજન











જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૦૩/૧૦/૨૦૨૩ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ઇન્ટર કૉલેજ વુમન પાવર લિફ્ટીંગ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટના ઉદ્‌ઘાટન સમારંભમાં અતિથિ વિશેષ તરીકે કુ. અનવી ઝાનજરુકીયા–રબરગર્લ ઓફ ઇન્ડિયા, ડૉ. પ્રકાશચંદ્ર પટેલ, ડાયરેક્ટર, યુવક કલ્યાણ અને શારિરીક શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત, શ્રી ખુશવંતસિંહ ચૌહાણ તેમજ માનંવતા મહેમાન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, માનદ્‌ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, મેમ્બરશ્રી મહેન્દ્રભાઈ સોલંકી, બી.કોમ. કૉ–ઓર્ડિનેટર પ્રા. ડૉ. ધરીત નાયક, બી.સી.એ. કૉ. ઓર્ડિનેટર પ્રા.ડૉ.જૈમિન શુકલા, બી.સી.એ. વિંટર કૉ–ઓર્ડિનેટર પ્રા.ડૉ.વિરલ પોલીસવાળા, તેમજ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજના સ્પોર્ટસ ટીચર હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. ટુર્નામેન્ટમાં યુનિવર્સિટી સંલગ્ન ૨૫ કૉલેજોના ૪૫ વુમન સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ કૉલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ કૉ–ઓર્ડિનેટર ડૉ. જૈમિન શુકલા, પ્રા. ટવિન્કલ પંચાલ તેમજ ડૉ. પ્રદીપકુમાર લેન્કા (સ્પોર્ટસ ટીચર) દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.

## વિવિધ કાર્યક્રમોનું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી સંસ્થાના સ્થાપક, સમાજસેવી, દેહ દાતાશ્રી કાંતિલાલ જીવનલાલ શાહની ૯૬મી જન્મ જયંતીના ભાગરૂપે આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણીના માર્ગદર્શન હેઠળ તા.૧૭–૧૦–૨૦૨૩ મંગળવારના રોજ રકતદાન શિબિર, વૃક્ષારોપણ, વિવિધ સ્પર્ધાઓ જેવી કે ભજન સ્પર્ધા, પ્રાર્થના સ્પર્ધા, રંગોળી સ્પર્ધા તેમજ ચિત્રકળા સ્પર્ધા, ઓર્ગેનિક દીવડા બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલગુરૂ પ્રિ.ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને અતિથિ વિશેષ તરીકે જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, સભ્યશ્રી ડૉ. મહેન્દ્રકુમાર સોલંકી, ડૉ. લક્ષ્મણભાઈ પટેલ, શ્રી સ્નેશલભાઈ શાહ, તેમજ એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસરો અને NSS સ્વયંસેવકો/સેવિકાઓ, NCC કેડેટ્સ સ્ટાફમિત્રો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કૉલેજના અધ્યાપકો, NSS તથા NCCના વિદ્યાર્થીઓએ 'આશિયાના' બાળ આશ્રમ, સુરતની મુલાકાત લઈ મંદબુદ્ધિના બાળકોની સાથે રમત–ગમત, શૈક્ષણિક પ્રવૃત્તિ કરી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જીવન જ્યોત ટ્રસ્ટના સૌ સભ્યો દ્વારા પૂજ્યકાંતિકાકાને યાદ કરી તેમને સ્મરણાંજલિ આપવામાં આવી હતી.






























## ગરબા અને ખેલૈયા સ્પર્ધાનું આયોજન





જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી દ્વારા ગરબા અને ખેલૈયા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં મુખ્ય અતિથિ તરીકે PSI નિધિ દૂધરેજિયા અને તેમની SHE-TEAM સાથે ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. સ્પર્ધામાં બી.બી.એ. અને બી.સી.એ.ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે સક્રિય ભૂમિકા શ્રી જતિનભાઈ હરેશભાઈ મૈસુરિયાએ ભજવી હતી. સ્પર્ધામાં બી.બી.એ. માંથી વિજેતા તરીકે પ્રથમ ક્રમાંક સોરઠિયા દિવ્યમ (TYBBA), દ્વિતીય ક્રમાંક ચોટલિયા જતિન (FYBBA) તેમજ તૃતીય ક્રમ પર રાજાણી માનસી (TYBBA) રહ્યા હતા. તેમજ આ સ્પર્ધામાં બી.સી.એ.માંથી વિજેતા તરીકે પ્રથમ ક્રમાંક નાડોદા રાજવી (TYBCA), દ્વિતીય ક્રમાંક પટેલ તુલસી (SYBCA) અને તૃતીય ક્રમાંક પર કંથારિયા મનસ્વી (FYBCA) રહ્યા હતાં. સ્પર્ધાનું સંચાલન પ્રિ.ડૉ.મુકેશ ગોયાણી તેમજ બી.સી.એ.ના કૉ–ઓર્ડિનેટર ડૉ. જૈમિન શુકલા અને બી.બી.એ.ના કો–ઓર્ડિનેટર ડૉ. સ્વાતિ મહેતાના માર્ગદર્શન હેઠળ ડૉ.સુધા ધારા સામલ, ડૉ. રાગિની પ્રસાદ, તેમજ પ્રાધ્યાપક કુપાલી પટેલ અને નેન્સી મોદીએ સફળતાપૂર્વક કર્યું હતું.

## ખેલૈયા સ્પર્ધા તથા ગરબા ઉત્સવનું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ સુચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ અમરોલી દ્વારા સાંસ્કૃતિક પ્રવૃત્તિના ભાગરૂપે તા. ૨૦/૧૦/૨૦૨૩ના રોજ ખેલૈયા સ્પર્ધાનું (ગરબા ઉત્સવ) આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. પારુલબેન વડગામા અને શ્રી કનુભાઈ આલગોતર, અમરોલી વિસ્તારના પી.એસ.આઈ નિધિ દૂધરેજિયા તેમજ પોલિસ કોન્સ્ટેબલ ભાગ્યશ્રીબેન અને પાયલબેન હાજર રહ્યાં હતાં. કૉલેજના ૨૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ તેમજ કૉલેજના કર્મચારી સભ્યો પણ ગરબાની તાલે ઝૂમ્યા હતા, જેમાંથી ૨૬૦ જેટલા વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ભાગ લઈ વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા રજૂ કરી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે માં અંબે મેઘ મલ્હાર દોઢિયા કલાસીસના ઓનર શ્રી જતીન મૈસુરિયા અને એકતા કોસાડા હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. નિર્ણાયકશ્રીએ ૬ જેટલા વિદ્યાર્થીઓની સ્પર્ધાના વિજેતા તરીકે પસંદગી કરી હતી, સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય ડૉ. મુકેશ આર. ગોયાણી તેમજ બી.કોમ. કૉ–ઓર્ડિનેટર ડૉ. ધરિત નાયક, બી.સી.એ. કૉ–ઓર્ડિનેટર ડૉ. વિરલ પોલીસવાલાના માર્ગદર્શન હેઠળ સાંસ્કૃતિક સમિતિના સભ્યો ડૉ. છાયા પટેલ, જાસ્મીની ગોહિલ, પ્રિયંકા વાસડિયા અને દમયંતી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.









## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### ઈન્ટરપ્રિન્યોરશીપ વર્કશોપ







બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજમાં સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ અને ઈનોવેશન કલબ, ઉદિશા કલબ તથા બ્રાન્ચ MSME DFO, સેલવાસના સંયુકત ઉપક્રમે તા.૯/૧૦/૨૦૨૩ના રોજ Enterpreneurship Awareness Programmeનું ભારત સરકાર સંચાલિત MSME DFO, સેલવાસ બ્રાન્ચ દ્વારા એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. એમ.કે.દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજ પારડીના ડાયરેકટર દીપેશ શાહ દ્વારા વિદ્યાર્થીઓને કૌશલ્ય વિકાસ માટે અંતર્ગત વિવિધ પરિબળોની ચર્ચા સાથે તાલીમ આપવામાં આવી હતી.

MSME સેલવાસા બ્રાન્ચના ડાયરેકટર નિતીન ચાવલા દ્વારા વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતા અને તેના માટે ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ યોજના વિશે સમજણ આપવામાં આવી હતી. કૉલેજના ઇ.ચા. આચાર્યશ્રી વર્ષાબેન રાણાએ ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક અને પુષ્પ વડે સ્વાગત કર્યું હતું. આ પ્રોગ્રામમાં બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પ્રમુખશ્રી ભુપેન્દ્રભાઈ આમીન તથા બીલીમોરા વિભાગ કેળવણી મંડળના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ભરતભાઈ અમીન ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખશ્રી ઉપેન્દ્રભાઈ અમીને પ્રસંગોચિત ઉદબોધનમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમના આયોજક નાયર તથા શ્રી ભીખુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમમાં ભાગ લેનાર ૭૦ વિદ્યાર્થીઓને ફોલ્ડર પેન અને ડાયરી આપવામાં આવી હતી. કાર્યક્રમનું સમગ્ર સંચલાન ઉદિશા કમિટીના કો–ઓર્ડિનેટર ડૉ. સોનલબેન વસાવાએ કર્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## શ્રી જે.બી.ધારુકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સુરત.

### ઈનામ વિતરણ કાર્યક્રમ

શ્રી જે.બી.ધારુકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ વરાછામાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ઈનામ વિતરણ કાર્યક્રમ તાપી બ્રહ્મચર્યાશ્રમ સભાના ઉપપ્રમુખશ્રી ડૉ. વજુભાઈ માવાણીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વરાછા કો–ઓપરેટિવ બેંકના બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન તથા વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા સામાજિક કાર્યકર કાનજીભાઈ ભાલાળા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જીવનમાં સફળ થવા માટે વિદ્યાર્થીની બહેનોને પાંચ મંત્રો આપ્યા હતા અને વિદ્યાર્થીનીઓના જીવન ઉત્કર્ષ માટે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. કાનજીભાઈ ભાલાળાની સદર કૉલેજમાં પ્રોફેસર ઓફ પ્રેકિટસ તરીકે નિમણૂક કરવામાં આવી છે. આચાર્યશ્રી ડૉ. ડિ.એલ. વરસાણીએ કૉલેજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ તેમજ અધ્યાપકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.





## વ્યાખ્યાન માળાનું આયોજન





શ્રી જે.બી.ધારૂકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ સુરતમાં આચાર્યશ્રી ડૉ. ડિ.એલ. વરસાણીના અધ્યક્ષ સ્થાને ગુજરાતી સાહિત્ય અંતર્ગત વ્યાખ્યાન માળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રીને નેપોલિયન હિલ, એલેક્ષઝાન્ડર, જીતેન્દ્ર અઢિયા, પબીબેન રબારીના જીવનમાંથી પ્રેરણા લઈ વિદ્યાર્થીનીઓને જીવનનો વિકાસ કરવા માટે જણાવ્યું હતું. એસ્પાયર સ્કૂલના સંચાલકશ્રી ભાવેશભાઈ દોંગાએ શિક્ષણના અલગ અલગ વિભાગોમાં આર્ટ્સ વિભાગને તમામ વિભાગનો પાયો ગણાવ્યો હતો. આર્ટ્સ પ્રવાહથી વિદ્યાર્થીમાં કરુણા, પ્રેમ, સંવેદના, લાગણી, સુખ–દુખમાં સહભાગી થવાની ભાવના જાગ્રત થયા છે. શ્રી કુંજ તેરૈયાએ લોકવાર્તા, લોકગીતો, કવિતા, ભવાઈ તથા ભારતના મહાપુરુષોના જીવનમાંથી પ્રેરણા લઈ પોતાના જીવનનો વિકાસ કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યમાં વિદ્યાર્થીનીઓ તથા અધ્યાપકશ્રીઓ જોડાયા હતા. કાર્યક્રમ સફળ બનાવવા માટે પ્રા.ડૉ.મહેશભાઈ પટેલ તથા ડૉ. અમિતભાઈ ગોધાણીએ જહેમત ઉઠાવી હતી.

## બ્યુટીકેર વર્કશોપ



શ્રી જે.બી.ધારૂકાવાળા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સુરતમાં અખિલ ગુજરાત મહિલા સંસ્થા શકિત મંચ ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા તા. ૩/૧૦/૨૦૨૩ થી તા.૭/૧૦/૨૦૨૩ પાંચ દિવસીય બ્યુટી કેર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજની બહેનોના બ્રાઇડલ મેકઅપ એચ.ડી. ફેસ ટ્રીટમેન્ટ, હેર ટ્રીટમેન્ટ, સ્ટેપ કટીંગ, વી કટીંગ, મહેંદી, ફેશીયલ, ફ્રુટ ફેશીયલ, આઈ–બ્રો, વેક્સ, હેર સ્પા, ગરબા સ્ટેપ વગેરે વિષય પર વર્કશોપનું આયોજન થયું. જેમાં કૉલેજની ૧૮૦ બહેનોને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ વર્કશોપના સમાપન સમારોહમાં આચાર્યશ્રી ડૉ. ડિ.એલ.વરસાણીએ વિદ્યાર્થીનીઓને આવા વર્કશોપમાં તાલીમ લઈ પોતે આર્થિક આવક મેળવી શકે તે માટે પ્રોત્સાહિત કરી હતી.

## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### પીએચ.ડી.



રખિયાબીબી ઇસ્માઈલ દોશે અર્થશાસ્ત્ર વિષયમાં નવયુગ કોમર્સ કૉલેજ, સુરતના આચાર્યશ્રી, ડૉ. વિનોદચંદ્ર એન. પટેલના માર્ગદર્શન હેઠળ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં રજૂ કરેલા મહાનિબંધ 'નગરપાલિકાની વિત્તવ્યવસ્થાનો અભ્યાસઃ નવસારી જિલ્લાની નગરપાલિકાઓના સંદર્ભમાં'ને યુનિવર્સિટીએ માન્ય રાખી તેમને અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી.ની પદવી પ્રદાન કરી છે. તે બદલ સમગ્ર નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ, કૉલેજના આચાર્ય ડૉ. વિનોદચંદ્ર એન. પટેલ અને કર્મચારી સભ્યોએ રખિયાબીબી ઇસ્માઈલ દોશને અભિનંદન પાઠવી શુભેચ્છાઓ આપી હતી.

### પીએચ.ડી.



નવયુગ કોમર્સ કૉલેજ, રાંદેર રોડ, સુરતના જે.આર.એફ.રિસર્ચ સ્કોલર શ્રી રાકેશભાઈ રમેશભાઈ વણકરસાધુ અર્થશાસ્ત્ર વિષયમાં નવયુગ કોમર્સ કૉલેજ, સુરતના આચાર્યશ્રી, ડૉ. વિનોદચંદ્ર એન. પટેલના માર્ગદર્શન હેઠળ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતમાં રજૂ કરેલા મહાનિબંધ ''પશુ પાલનનું અર્થશાસ્ત્રઃ તિલકવાડા તાલુકાના પશુપાલકોના સંદર્ભમાં આદર્શ પશુપાલનનું મૂલ્યાંકન''ને યુનિવર્સિટીએ માન્ય રાખી તેમને અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી.ની પદવી પ્રદાન કરી છે. તે બદલ સમગ્ર નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ, કૉલેજના આચાર્ય ડૉ. વિનોદચંદ્ર એન. પટેલ અને સ્ટાફ સભ્યોએ જે.આર.એફ. રિસર્ચ સ્કોલર શ્રી રાકેશભાઈ રમેશભાઈ વણકરસાધુને અભિનંદન પાઠવી શુભેચ્છા આપી હતી.

## સરકારી વિનયન કૉલેજ, તિલકવાડા, નર્મદા.

### મેરી મિટ્ટી મેરા દેશ અંતર્ગત કળશયાત્રા

સરકારી વિનયન કૉલેજ તિલકવાડા, જિ. નર્મદા ખાતે તા. ૯/૧૦/૨૦૨૩ના રોજ NSS વિભાગ દ્વારા 'મેરી મિટ્ટી મેરા દેશ' અંતર્ગત અમૃત કળશયાત્રાની ઉજવણીનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કૉલેજના આચાર્યશ્રી ડૉ. એમ.એસ.ડામોર એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ. પિનાકીન જોશી તેમજ અન્ય અધ્યાપકગણ અને એન.એસ.એસ. સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. સમસ્ત કાર્યક્રમની વિશેષતા એ રહી હતી કે, તિલકવાડા કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તિલકવાડા તાલુકાના જુદા જુદા ગામમાંથી આવે છે. તો આ સર્વ વિદ્યાર્થીઓ પોતપોતાના ગામમાંથી માટી લઈને આવ્યા હતા. જે માટી કળશમાં પધરાવીને તેની યાત્રા 'ભારત માતાકી જય' અને 'મારી માટી મારો દેશ'ના નારા સાથે કાઢવામાં આવી હતી.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara

### Orientation Programme






C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara arranged Orientation Programme for 1st BHMS students on 26/10/2023. All new students with their parents were attended the event. Principal Dr. Jyoti Rao delivered welcome speech after Sarasvati Vandana and deep pragatya. Dr. Ajay Desai briefed overall activities of the trust. Dr. Bavin Modi introduced college & academic curriculum. Dr. Ghanshyam Raval delivered motivational speech. Dr. Swapnil Khengar offered vote of thanks. The event was anchored by Dr. Dhruni Gavli. College arranged Tea and Lunch for all students, their parents and staff members. The whole event was Co-ordinated by Dr. Swapnil Khengar & Activity Committee under the guidance of Principal Dr. Jyoti R. Rao.

## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### રક્તદાન શિબિર



ઉધના કૉલેજમાં સામુદાયિક સેવાધારા અને NSS અંતર્ગત તા. ૩૦/૦૯/૨૦૨૩નાં રોજ લોકસમર્પણ બ્લડ બેંક તેમજ તેરાપંથ યુવક પરિષદના સહયોગથી ૧૯મી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનું આયોજન કરી ઉધના કૉલેજ સુરતમાં શરૂ થયેલા મેગા બ્લડ ડોનેશન ડ્રાઈવનો ભાગ બની હતી. આ શિબિરમાં કૉલેજના વિદ્યાર્થીઓ તેમજ કર્મચારી મિત્રોએ રક્તદાન કર્યું હતું. આ કાર્યક્રમનું આયોજન સામુદાયિક સેવાધારાનાં સભ્યો દ્વારા કૉલેજ આચાર્ય ડૉ મેહુલ દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

### ૧૫૪મી ગાંધી જયંતી અને આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસની ઉજવણી

ઉધના કૉલેજમાં સામુદાયિક સેવાધારા અંતર્ગત ૧૫૪મી ગાંધી જયંતિ અને આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. મહાત્મા ગાંધીજીનાં જીવનમાંથી કેટલાંક પ્રેરણાદાયી પ્રસંગો કૉલેજ પ્રાધ્યાપક ડૉ. તેજસ ઘડિયાળી, ડૉ. પર્લ ખરાસ અને ડૉ. કલ્પેશ કંસારા દ્વારા વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવામાં આવ્યાં હતા. કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈએ વિદ્યાર્થીઓને જીવનમાં પ્રગતિ માટે ગાંધીજીના સિદ્ધાંતોને અનુસરવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. કાર્યક્રમનું સફળતા પૂર્વક આયોજન પ્રા. ડૉ. ક્રિના શાહ અને પ્રા. મહેશ પટેલ દ્વારા આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય

(BBA) ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.





## 'સ્વચ્છતા હી સેવા' અભિયાનમાં ભાગીદારી




ઉધના કૉલેજમાં તા. ૧/૧/૨૦૨૩ના રોજ વિદ્યાર્થીઓ અને કમર્ચચારીમિત્રો મોટી સંખ્યામાં 'સ્વચ્છતા હી સેવા' અભિયાનમાં ભાગ લીધો હતો. કૉલેજ પ્રાધ્યાપક ડૉ. કલ્પેશ કંસારાએ Reduce, Recycle અને Reuse દ્વારા સ્વચ્છતા જાળવવા માટેનાં કેટલાંક સૂચનો આપ્યાં હતાં. તેમણે સ્વચ્છ ભારત મિશન પર રસપ્રદ પ્રશ્નોત્તરી પણ કરી હતી. કૉલેજ કર્મચારીનાં સભ્યો અને દકક સ્વયંસેવકોએ 'એક તારીખ એક કલાક એક સાથ' અભિયાન માટે કૉલેજ કેમ્પસમાં ભેગા થઈ શ્રમદાન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન સામુદાયિક સેવાધારાનાં સભ્યો દ્વારા કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## હેન્ડીક્રાફ્ટ સ્પર્ધાનું આયોજન

ઉધના કૉલેજ દ્વારા તા. ૧૬/૧૦/૨૦૨૩ના રોજ મહાશક્તિ મહાપર્વ–૨૦૨૩ની ઉજવણીનાં ભાગરૂપે કલા કૌશલ્યધારા અંતર્ગત હેન્ડીક્રાફ્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાનું કલાત્મક કૌશલ્ય દર્શાવ્યું હતું. આ સ્પર્ધામાં શર્મા રિયાએ પ્રથમ અને શર્મા સપનાએ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધાનું સફળ આયોજન કૉલેજની કલા કૌશલ્ય ધારાનાં સભ્ય ડૉ. અમીના નાખુદા અને પ્રા. વિશ્વા મહેતાએ આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કર્યું હતું. પ્રા.ડૉ.ક્રિના શાહ અને પ્રા.ઉર્વશી મહીસૂરીએ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી.



## નિબંધ લેખન સ્પર્ધા

ઉધના કૉલેજમાં જ્ઞાનધારા અંતર્ગત The Digital Revolution: How Social Media is Reshaping Our Reality વિષય પર નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં રાજ પટેલ (FYBBA)એ પ્રથમ ક્રમ, હેમંત પ્રજાપતિ (TYBCom)એ દ્વિતીય ક્રમ અને મિશ્રા ઓમ (SYBBA)એ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાના આયોજક કૉલેજ પ્રાધ્યાપક ડૉ. રુદ્રી પુરોહિતે આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડિયાળી અને જ્ઞાનધારાનાં વડા ડૉ. સંજય પટેલનો સમર્થન અને પ્રેરણા બદલ આભાર વ્યકત કર્યો હતો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે કૉલેજ પ્રાધ્યાપક ડૉ. પ્રતિક્ષા દેસાઈએ સેવા આપી હતી.



## આરતી થાળી શણગાર સ્પર્ધા

ઉધના કૉલેજમાં તા. ૧૭/૧૦/૨૦૨૩ના રોજ મહાશક્તિ મહાપર્વ–૨૦૨૩ની ઉજવણીનાં ભાગરૂપે કલા કૌશલ્યધારા અંતર્ગત આરતી થાળી શણગાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કૉલેજનાં

વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ તેમનું કૌશલ્ય દર્શાવ્યું હતું. આ સ્પર્ધામાં રાજપૂત સલોની (SYBCom)એ પ્રથમ, પટેલ કિરણ (FYBCom)એ દ્વિતીય અને સિંગ સાક્ષી (FYBCom)એ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધાનું આયોજન કલા–કૌશલ્યધારાનાં સભ્યો ડૉ. કલ્પેશ કંસારા અને ડૉ. પ્રતિક્ષા દેસાઈ દ્વારા આચાર્ય ડૉ. મેહુલ પી.દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન હેઠળ કર્યુ હતું. સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે કૉલેજ પ્રાધ્યાપક ડૉ. હેતલ શાહ અને ડૉ. પ્રતિક્ષા દેસાઈએ સેવા આપી હતી.





## પાવર લિફિટંગ ટુનામેન્ટમાં સિદ્ધિ



પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, અમરોલી દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ઇન્ટર કૉલેજ પાવર લિફિટંગ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ૨૫ થી વધું કૉલેજોએ ભાગ લીધો હતો. ઉધના કૉલેજનાં TYBCAમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી ફરહાન શેખ 76 કિલો વજનમાં બીજા ક્રમે રહ્યા હતા. સિદ્ધિ મેળવનારને કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ સહિત સમગ્ર પરિવારે અભિનંદન પાઠવ્યાં હતા.

## ગરબા સ્પર્ધા

ઉધના કૉલેજમાં મહાશકિત મહાપર્વ–૨૦૨૩ની ઉજવણીનાં ભાગરૂપે સંસ્કૃતિક સમિતિ અંતર્ગત તા.૧૮/૧૦/૨૦૨૩નાં રોજ ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજનાં વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બેસ્ટ એકશન (ફિમેલ)માં છેત્રી રિદ્ધિ (SYBCOM)ને પ્રથમ, જરીવાલા ધ્રુવી (TYBCOM)ને દ્વિતીય અને રાઠોર ઈશા (SYBCOM)ને તૃતીય ક્રમ પ્રાપ્ત થયો હતો. બેસ્ટ એકશન (મેલ)માં ગાયકવાડ દિપક (TYBCOM)ને પ્રથમ ક્રમ, રાજપુરોહિત સુમેરસિંગ (TYBBA)ને દ્વિતીય ક્રમ અને જસાની ઉત્તમ (FYBCA)ને તૃતીય ક્રમ પ્રાપ્ત થયો હતો. બેસ્ટ કોચ્યુમ (ફિમેલ)માં રાઠોડ સોનિયા (FYB.COM)ને પ્રથમ, પટેલ દિવ્યા (TYBCA)ને દ્વિતીય અને મોદી વલ્લારી (SYBCA)ને તૃતીય ક્રમ પ્રાપ્ત થયો હતો. બેસ્ટ કોચ્યુમ (મેલ) માં ગીલીટવાલા હર્ષલ (TYBCA)ને પ્રથમ, મોદી પ્રવિષા (SYBBA)ને દ્વિતીય અને ટેલર પાર્થ (TYB.COM)ને તૃતીય ક્રમ પ્રાપ્ત થયો હતો. ઓવરઓલ પરફોર્મન્સમાં દાયમા દિવ્યા (FYBBA) અને સબલપુર જેનીલ (FYBBA)ને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતાં. સ્પર્ધાનું સફળ આયોજન કૉલેજ પ્રાધ્યાપક ડૉ. અનિલ ભરોડિયા, પ્રા. સમીક્ષા ઝવેરી , પ્રા. પ્રીતિ પટેલ અને પ્રા. માધુરી ભાયાવાલા દ્વારા કૉલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્ય (BBA) ડૉ. ડેઈઝી તેક્કનાલ, ઉપાચાર્ય (BCA) ડૉ. મનિષ કાયસ્થ, કૉ–ઓર્ડિનેટર (BCA Afternoon) ડૉ. તેજસ ઘડીયાળી અને સાંસ્કૃતિક સમિતિનાં વડા ડૉ. હેતલ શાહનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૉલેજનાં તમામ કર્મચારીમિત્રોએ પણ ગરબાની મજા માણી હતી. સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે પ્રતિક પંડયા અને પૂર્વી સોનીએ સેવા આપી હતી.





## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 1-10-2023 to 31-10-2023

| Detail | Description | Oct.-2023 | |
|---|---|---|---|
| User | Visitors | 497 | |
| | Internet Lab User | 74 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 2 | |
| | UG/PG Students | 144 | |
| | Research Scholars | 12 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 3 | |
| | Online User | 0 | |
| | Total | | 732 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| October-2023 | 556 | 777 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | October-2023 | 07 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | October-2023 | 05 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | October-2023 | 07 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University, Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University, Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in